**સુવિચાર**
''સમય જ્યારે ન્યાય તોળે છે ત્યારે, એને કોઈ સાક્ષી, કોઈ ગવાહ કે કોઈ ગવાહીની જરૂર રહેતી નથી.''
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૯/૦૫/૨૦૨૬, શુક્રવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યુ. : વિક્રમ સંવત ૨૦૮૨ અ. જેઠ સુદ-૧૩ વર્ષ : ૧૭ અંક : ૧૪૧

### ઈશ્વરીયા નજીક આવેલ ફાટક નં. ૧૬ માટે જમીન સંપાદનની કામગીરી શરૂ હોવાથી

# અમરેલીમાં બ્રોડગેજ અને મીટરગેજની કામગીરી આડેપાટે દોડવા લાગી

**સાંસદે ૪ મહિના પહેલા ર મહિનામાં કામગીરી પૂર્ણ થઈ જશે તેવું આશ્વાસન આપેલ**

**શહેરીજનોની દાયકાઓ જુની બ્રોડગેજ રેલ્વેની સુવિધાની માંગ પુરી થવામાં મોડુ થશે**

**કેરિયા રોડ ઉપરનાં અંડરબ્રિજની કામગીરી પણ બંધ હોવાનું બહાર આવ્યું**

**સાંસદ સહિતનાં જનપ્રતિનિધિઓ જનતા જનાર્દનની બ્રોડગેજની અપેક્ષા પૂર્ણ કરે તેવી માંગ**

અમરેલી, તા. ૨૮

અમરેલીના લોકોના કિસ્મતમાં બ્રોડગેજ રેલ્વે સેવા જ લખી ના હોય તેમ વધુ એક વખત અમરેલીની બ્રોડગેજ રેલ્વે સેવા માટેની ગાડી આડે પાટે ચડી ગઈ છે. તો બીજી તરફ અમરેલીના કેરીયા રોડ પર પણ અન્ડર પાસની કામગીરી ચાલી રહી હતી તે કામગીરી પણ બંધ કરી દેવામાં આવતા વર્ષોથી ચાલતી મીટર ગેજ સેવા પણ શરૂ થઈ શકે તેમ નથી.

અગાઉ અમરેલીમાં બે



મહિનામાં બ્રોડગેજની કામગીરી પૂરી કરીને ટ્રેન ચાલુ થઈ જશે તેવા સાંસદના દાવાઓ વચ્ચે આ અમરેલીના ડ્રીમ પ્રોજેક્ટ ફરી એક વખત આડે પાટે ચડી જતા આ પ્રોજેક્ટ અટવાયો છે.

હાલમાં અમરેલીના ઈરીયા–ગીરીયા રોડ વચ્ચે આવતા ફાટક નં. ૧૬ માટે રેલ્વે દ્વારા જમીન સંપાદન કરવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે અને તે કામ થયા પછી કામગીરી આગળ વધે તેવી શકયતા છે.

ત્યારે અમરેલીમાં જુદા જુદા લીડરો, સૌરાષ્ટ્ર વિકાસ સમિતિ

અનુસંધાન પાના ૬ ઉપર

### માર્ગ બંધ કરનાર અને વિરોધ કરનાર વચ્ચે સમજુતી જરૂરી

# બાબરાનાં રામનગર વિસ્તારમાં જાહેર માર્ગ બંધ થતાં વિવાદ : સ્થાનિકોમાં નારાજગી

**પાલિકાનાં શાસકો મધ્યસ્થી કરી વિવાદનો ઉકેલ લાવે**



તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરા શહેરના વોર્ડ નંબર ૧ વિસ્તારમાં નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ જાહેર માર્ગો કેટલાક સ્થાનિક રહીશો દ્વારા અગમ્ય કારણોસર બંધ કરી દેવામાં આવતા આસપાસની અનેક સોસાયટીના રહીશો, ખેડૂતો તેમજ રાહદારીઓને ભારે હાલાકીનો સામનો કરવો પડી રહ્યો છે. આ સમગ્ર મામલે સ્થાનિક જાગૃત નાગરિક દ્વારા નગરપાલિકા તંત્ર સમક્ષ તાત્કાલિક રસ્તા ખુલ્લા કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠાવવામાં આવી છે.

મળતી માહિતી મુજબ છેલ્લા એક વર્ષથી વિસ્તારમાં આવેલા જાહેર માર્ગો પર બેરિકેડ અને અવરોધ ઉભા કરી રસ્તાઓ બંધ કરી દેવામાં આવ્યા છે. જેના કારણે રોજબરોજ પસાર થતા લોકો માટે મુશ્કેલીઓ સર્જાઈ રહી છે. સ્થાનિક રાહદારીઓ અને રહીશો દ્વારા અનેક વખત નગરપાલિકામાં લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હોવા છતાં હજુ સુધી પાલિકા તંત્ર દ્વારા કોઈ અસરકારક કાર્યવાહી કરવામાં આવી નથી, જેને લઈને લોકોમાં ભારે અસંતોષ જોવા મળી રહ્યો છે.

બીજી તરફ રસ્તો બંધ કરનાર વિસ્તારના કેટલાક રહીશોનું કહેવું છે કે પાછળની તરફના રસ્તાઓ ખુલ્લા હોવાથી ચોર સહિતના શંકાસ્પદ ઈસમો વિસ્તારમાં પ્રવેશ કરે છે અને જાનમાલને નુકસાન પહોંચાડવાની ભીતિ ઉભી થઈ રહી છે. જેના કારણે સુરક્ષાના હેતુસર જાહેર માર્ગો બંધ કરવામાં આવ્યા હોવાનું તેઓએ કારણ દર્શાવ્યું હતું.

પરંતુ રામનગર આસપાસ આવેલી ત્રણથી ચાર સોસાયટીના રહીશો દ્વારા આ દલીલનો વિરોધ કરવામાં આવ્યો હતો. રહીશોએ જણાવ્યું હતું કે નગરપાલિકા દ્વારા બનાવવામાં આવેલ અને સ્ટ્રીટ લાઈટ જેવી સુવિધાઓથી સજ્જ જાહેર માર્ગોને કોઈપણ વ્યકિત પોતાની મરજીથી બંધ કરી શકે નહીં. આ માર્ગો અન્ય મુખ્ય રસ્તાઓને જોડતા હોવાથી સામાન્ય જનતા તેમજ ખેડૂતો માટે ખૂબ ઉપયોગી સાબિત થતા હતા. રસ્તાઓ બંધ થતાં હવે લોકોને ત્રણથી ચાર કિલોમીટરનો વધારાનો ચક્કર મારી પસાર થવાની ફરજ પડી રહી છે.

આ મુદ્દે એ જણાવ્યું હતું કે જાહેર માર્ગો લોકોની સુવિધા માટે બનાવવામાં આવે છે, તેને વ્યકિતગત રીતે બંધ કરવાનો કોઈને અધિકાર નથી. જો કોઈ સુરક્ષા સંબંધિત પ્રશ્ન હોય તો નગરપાલિકા અને પોલીસ તંત્ર સમક્ષ રજૂઆત કરી યોગ્ય ઉકેલ લાવવો જોઈએ. પરંતુ જાહેર રસ્તા બંધ કરી અન્ય લોકોને અવરજવરથી વંચિત રાખવું એ અન્યાય સમાન બાબત હોવાનું જણાવી તેમણે વિસ્તારના હિતમાં નગરપાલિકા દ્વારા તાત્કાલિક અસરથી રસ્તા ખુલ્લા કરવામાં આવે તેવી પ્રબળ માંગણી કરી છે.

### ભાવનગર–સોમનાથ નેશનલ હાઈવે ઉપર

# જાફરાબાદના હેમાળ નજીક ત્રિપલ અકસ્માતમાં વૃધ્ધનું કમકમાટીભર્યુ મોત

**મૃતકનું નામ નાગજીભાઈ સાવલિયા હોવાનું બહાર આવ્યું**



જાફરાબાદ, તા. ૨૮

જાફરાબાદ તાલુકામાં આવેલ હેમાળ ગામ નજીક ભાવનગર – સોમનાથ નેશનલ હાઈવે પર આજે દુઃખદ માર્ગ અકસ્માતની ઘટના સામે આવી છે. વ્યસ્ત નેશનલ હાઈવે પર સર્જાયેલા ત્રિપલ અકસ્માતમાં એક ટુ–વ્હીલર ચાલકનું ઘટના સ્થળે જ મોત થતાં વિસ્તારમાં શોકની લાગણી ફેલાઈ ગઈ છે. અકસ્માતમાં બે ફોર–વ્હીલ વાહન અને એક ટુ–વ્હીલર સામેલ

અનુસંધાન પાના ૬ ઉપર

### કાળઝાળ ગરમી વચ્ચે ન્હાવા જતાં બનાવ બન્યો

# ધારી : ખોડિયાર જળાશયનાં પાણીનાં ઘુનામાં પડી જવાથી યુવકનું મોત

**મૃતક બોટાદ ગામનાં હરપાલભાઈ ખાચર હોવાનું બહાર આવ્યું**



અમરેલી, તા. ૨૮

ધારી નજીક આવેલ ખોડિયાર જળાશયનાં પાણીનાં ઘુનામાં ન્હાવા પડેલ યુવકનું ડુબી જવાથી મોત થતાં અરેરાટીનો માહોલ ઉભો થયો હતો.

વિગત એવા પ્રકારની છે કે, બોટાદનાં હરપાલભાઈ શિવકુભાઈ ખાચર આજે જળાશયનાં ઘુનામાં ન્હાવા જતાં તેઓનું પાણીમાં ડુબી જતાં સ્થાનિકોએ ૧૦૮ની મદદથી ધારીનાં સરકારી દવાખાને ખસેડતા ફરજ પરનાં તબીબે યુવકને મૃત જાહેર કરેલ.

### આકરી ગરમી વચ્ચે તળાવમાં ન્હાવાનું જોખમ લીધુ

# અરેરાટી : સાવરકુંડલાનાં સરોવરમાં ન્હાવા પડેલ યુવકનુ ડુબી જવાથી મોત નિપજયુ

**દેવીપુજક સમાજનાં આગેવાન દોડી ગયા**



અમરેલી, તા. ૨૮

સાવરકુંડલાના બાયપાસ રોડ ઉપર આવેલ અમૃત સરોવરમાં નાહવા પડેલા દેવીપુજક સમાજના એક ૧૮ વર્ષીય યુવાનનું ડૂબી જતાં કરૂણ મોત નિપજતાં પરિવારમાં ભારે શોકની લાગણી છવાઈ ગઈ છે. ઘટનાને પગલે

અનુસંધાન પાના ૬ ઉપર

અમરેલીના જુના માર્કેટયાર્ડમાં
દુકાન વેચવાની છે...
અમરેલીના જુના માર્કેટયાર્ડમાં 'કળશ મોલ' ની બાજુમાં આવેલ મોકાની દુકાન વેચવાની છે.
:: સંપર્ક કરો ::
મો. ૭૮૭૪૩ ૯૩૪૮૪

શહેરમાં શ્રેષ્ઠ, સ્વાદમાં સર્વશ્રેષ્ઠ એકમાત્ર સ્થળ
The King of catcring service
શ્યામ કેટરર્સ
અરજણભાઈ પટેલ
મો. ૯૮૨૫૦ ૫૯૭૮૩
જયેન્દ્ર પટેલ
મો. ૯૬૮૭૦ ૪૭૨૯૫
SHYAM Caterers
સ્પે. ગુજરાતી થાળી
શુધ્ધ ઘી માં તરબોળ ડ્રાયફ્રુટ ચુરમાનાં લાડુ
શીંગતેલમાં રજવાડી ઉંધીયુ
અમારી સ્પે.બે પડવાળી રોટલી
શ્યામ ડાઈનીંગ હોલ એ.સી.હોલ
પાર્સલ સુવિધા ઉપલબ્ધ MO.80000 86331
સ્થળ : એસ.ટી. ડેપો સામે, પહેલા માળે, અમરેલી-૩૬૫૬૦૧
ફોન : (૦૨૭૯૨) ૨૩૩૪૪૫

રાજકોટ સીટીમાં–ર (બે) ફલેટ વેચવાના છે
2 BHK ફલેટ, B-1101,
''સીટી કલાસીક''
વસંતવાટીકા નજીક, અંબીકા ટાઉનશીપ, મવડી-રાજકોટમાં
કારપેટ એરીયા : 600 Sqft Apx
કિંમત : ૩૧,૩૧,૦૦૦/- માં જ...
પ્લસ મેન્ટેન્સ & ટ્રાન્સફર ફી
સંપર્ક : 88667 10121 / 94277 44641
2 BHK ફલેટ, ફુલ્લી ફર્નીસ્ડ, ૧૦૨,
એકલવ્ય એપાર્ટમેન્ટ, અમીનમાર્ગ રાજકોટમાં
કારપેટ એરીયા : 670 Sqft Apx
કિંમત : ૫૫,૫૫,૦૦૦/-
સંપર્ક : 96624 58777

( જુના દરેક રીપોર્ટ સાથે લઈને આવવા )
નામ નોંધાવવા માટે : (૦૨૭૯૨) ૨૩૧૧૧૨–૨૯૬૪૩૪
ડોકટર હાઉસ અમરેલી કાયમી કન્સલટન્ટ
ડો. ડી.એમ. ઉનડકટ (M.D.)
ડો. રૂચિતા જેઠવા (M.D.)
ડો. આર.ડી. ઘોડાસરા (M.S.)
ડો. દ્રષ્ટિ પંડયા (બીપીટી ફીઝીયોથેરાપીસ્ટ)
અનંતા હોસ્પિટલ, નિકોલ - અમદાવાદ - કાયમી કન્સલટન્ટ
ડો. ઉત્સવ ઉનડકટ (ઈન્ટરવેન્શનલ કાર્ડિઓલોજીસ્ટ) મો. ૮૧૯૯૩ ૯૧૫૬૬
ડો. કોમલ વ્યાસ ઉનડકટ (ડી.એન.બી. - ગાયનેક, ઈન્ફર્ટીલીટી સ્પેશ્યાલીસ્ટ) મો. ૯૯૧૩૬ ૪૮૪૩૦

# પ્રદેશ કોંગ્રેસનાં મીડિયા પ્રવકતા ડો. મનિષ દોશીની આકરી પ્રતિક્રિયા

# સી.બી.એસ.ઈ. પરીક્ષાનાં પરિણામોમાં ગંભીર ગોટાળાનો આક્ષેપ

**લાખો વિદ્યાર્થીઓનાં ભવિષ્ય સાથે ખેલ, મોદી સરકારે જવાબ આપવો જોઈએ**

**લાખો વિદ્યાર્થીઓનાં મા–બાપ પણ ચિંતામાં મુકાયા છતાં કોઈ નકકર કામગીરી નહી**

**સમગ્ર બનાવ અંગે તટસ્થ તપાસ કરવામાં આવે અને કસુરવાનોને કડક સજાની માંગ કરી**

**વર્તમાન સરકારનાં કાળમાં અવારનવાર સ્પર્ધાત્મક પરીક્ષાનાં પેપર ફૂટે કે અન્ય ગેરરીતિનાં આક્ષેપો થયા જ કરે છે**

અમદાવાદ, તા. ૨૮

સી.બી.એસ.ઈ. પરીક્ષા પરિણામોમાં થયેલી ગંભીર ગોટાળા–ગેરરીતી–ગોલમાલ અને દેશના લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે થયેલા ચેડા અંગે કેન્દ્રીય શિક્ષણ મંત્રીના રાજીનામાંની માંગ કરતા ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મીડિયા કન્વીનર અને પ્રવકતા ડો. મનીષ દોશીએ જણાવ્યું હતું કે, દેશભરના લાખો વિદ્યાર્થીઓ અને તેમના માતા–પિતા આજે માનસિક આઘાતમાં છે. વર્ષો સુધી મહેનત કરનાર વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે બેદરકારીપૂર્વક રમત કરવામાં આવી છે. છતાં કેન્દ્ર સરકાર અને વડાપ્રધાન નરેન્દ્ર મોદી મૌન ધારણ કરીને બેઠા છે ન કોઈ જવાબદારી, ન કોઈ સંવેદના, ન કોઈ સ્પષ્ટતા. સી.બી.એસ.ઈ. જેવી રાષ્ટ્રીય સંસ્થાની પરીક્ષા પ્રક્રિયા અને પરિણામ વ્યવસ્થાપનની જવાબદારી COEMPT નામની કંપનીને સોંપવામાં આવી. આ જ કંપની અગાઉ Globarena નામથી તેલંગાણામાં વર્ષ ૨૦૧૯ દરમિયાન ગંભીર વિવાદોમાં ઘેરાઈ ચૂકી છે. નામ બદલાયું હશે, પરંતુ કામ કરવાની રીત અને બેદરકારી એ જ રહી છે. સૌથી ગંભીર બાબત એ છે કે આ સમગ્ર ઈતિહાસ જાણીતા હોવા છતાં આવી કંપનીને દેશના આશરે ૧૮.૫ લાખ વિદ્યાર્થીઓનું ભવિષ્ય સોંપવામાં આવ્યું. શું સી.બી.એસ.ઈ.એ કંપનીનો રેકોર્ડ ચકાસણી કરી છે કે નહિ ? શું નિયમો અને પ્રક્રિયાઓનું પાલન થયું હતું ? કે પછી કોઈ રાજકીય દબાણ અને ગોઠવણ હેઠળ આ કોન્ટ્રાકટ આપવામાં આવ્યો ?

દેશ આજે કેટલાક મહત્વપૂર્ણ સવાલોના જવાબ માંગે છે. COEMPTને સી.બી.એસ.ઈ.નો ઠેકો કોના દબાણ અથવા ભલામણથી આપવામાં આવ્યો ? ટેન્ડર પ્રક્રિયામાં કયા નિયમો અને માપદંડોને અવગણવામાં આવ્યા ? Globarenaના પૂર્વ વિવાદોની માહિતી હોવા છતાં સી.બી.એસ.ઈ. અને શિક્ષણ મંત્રાલય મૌન કેમ રહ્યા ? COEMPTના સંચાલકો અને મોદી સરકાર વચ્ચે શું સંબંધ છે ? લાખો વિદ્યાર્થીઓના ભવિષ્ય સાથે ખેલ કરનાર જવાબદાર અધિકારીઓ સામે કાર્યવાહી કયારે થશે ? ભારતમાં કુલ ૩૩,૧૦૦થી વધુ સી.બી.એસ.ઈ. શાળાઓ છે અને ગુજરાતમાં જ ૩૨૯થી વધુ સી.બી.એસ.ઈ. શાળાઓ કાર્યરત છે. ધોરણ ૧૦ અને ૧૨ના મળીને આશરે ૪૪.૭૦ લાખ વિદ્યાર્થીઓ માટે આ સમય અત્યંત નિર્ણાયક હોય છે. આવા સમયમાં સિસ્ટમની નિષ્ફળતા અને ગેરવ્યવસ્થા વિદ્યાર્થીઓમાં નિરાશા, માનસિક તણાવ અને અવિાસ ઊભો કરે છે. સી.બી.એસ.ઈ. બોર્ડના વિદ્યાર્થીઓ સતત ઓન સ્ક્રીન માર્કિંગ (ઓએસએમ) પર સવાલો ઉઠાવી રહ્યા છે. વિદ્યાર્થીઓનું કહેવું છે કે ઓએસએમના કારણે તેમનું પરિણામ બગડી ગયું છે. વિદ્યાર્થીઓની ઉત્તરપત્રિકા ચકાસનાર શિક્ષકે પણ જણાવ્યું કે તેમને અંદાજ હતો કે કોપીઓ યોગ્ય રીતે ચકાસાઈ રહી નથી અને આગળ જઈને સમસ્યા થવાની જ હતી.

કોપી ચેકિંગ દરમિયાન તેમને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડયો, જેમ કે, ઘણા વિદ્યાર્થીઓની સ્કેન કરેલી કોપીઓ ધૂંધળી હતી, કેટલાક પાનાં ગાયબ હતા, સ્ટેપ માર્કિંગ યોગ્ય રીતે ન થતાં ગુણ ઓછા મળ્યા. સિસ્ટમએ લખેલા જવાબવાળા પાનાને ખાલી (બ્લેન્ક) બતાવ્યો. કોપી ચકાસનાર શિક્ષકોને માત્ર ૭ દિવસની ટ્રેનિંગ આપવામાં આવી હતી.

કોંગ્રેસ પક્ષ સ્પષ્ટપણે માંગ કરે છે કે, સમગ્ર મામલાની તાત્કાલિક સ્વતંત્ર ન્યાયિક તપાસ કરવામાં આવે. સુપ્રીમ કોર્ટના નિવૃત્ત ન્યાયાધીશની દેખરેખ હેઠળ સીટની રચના કરવામાં આવે. જવાબદાર અધિકારીઓ અને કંપની સામે ફોજદારી કાર્યવાહી કરવામાં આવે. અસરગ્રસ્ત વિદ્યાર્થીઓને સમયબદ્ધ ન્યાય અને પારદર્શક સુધારાની ખાતરી આપવામાં આવે. કોંગ્રેસ પક્ષ દેશના વિદ્યાર્થીઓને વિાસ અપાવીએ છીએ કે તેમની મહેનત, તેમના સપનાઓ અને તેમના ભવિષ્યની ચોરી કોઈને કરવા દેવામાં આવશે નહીં. વિદ્યાર્થીઓનો અવાજ દબાવી શકાશે નહીં. યુવાનોના ભવિષ્ય સાથેનો આ ખેલ દેશ કયારેય માફ નહીં કરે.

## સ્થાનિક બેન્કમાંથી લોન લઈ નાણા ન ભરવાનાં ગુન્હામાં

# લીલીયા મોટા કોર્ટ દ્વારા અપાયેલ ૨ વર્ષની સજા બાદ ધરપકડ ટાળવા નાસતા–ફરતા આરોપીની અટકાયત

**સ્થાનિક પોલીસે આરોપી અંકિત ધામતને જેલ હવાલે કર્યો**




અમરેલી, તા. ૨૮

લીલીયા મેજીસ્ટ્રેટ ફ.ક કોર્ટના ફોજદારી કેસ નં–૬૮/૨૦૨૬ના આરોપી અંકિતભાઈ ધામત લીલીયા મોટા ખાતે આવેલ બેન્કની લોન લઈ નાણા ન ભરતા નામદાર લીલીયા કોર્ટ દ્વારા બે વર્ષની સજા પડેલ હોય જે સજાના કામે મજકુર આરોપી પોતાની ધરપકડ ટાળવા સારૂ નાસતો–ફરતો હોય જેને ચોક્કસ બાતમીના આધારે આજરોજ લીલીયા ખાતેથી પકડી પાડી લીલીયા કોર્ટના હુકમ આધારે બારોબાર અમરેલી જીલ્લા જેલ ખાતે સોંપી આપેલ છે. આ સમગ્ર કામગીરીમાં લીલીયા પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એમ.ડી.સાળુંકની સુચના મુજબ લીલીયા પોલીસ સ્ટેશનના ટાઉન બીટ ઈન્ચાર્જ ગૌતમભાઈ વલકુભાઈ ખુમાણ અના હેડ કોન્સ તથા પો.કોન્સ સંજયભાઈ જીવરાજભાઈ ઈટાળીયા તથા પો.કોન્સ પ્રકાશભાઈ ગોવિંદભાઈ માધડ વિ. સ્ટાફના માણસો આ કામગીરીમા જોડાયા હતા તેમ ઈમરાન પઠાણની અખબારી યાદી જણાવેલ છે.

# લીલીયા મોટા ખાતે 'બકરી ઈદ'ની ધામધૂમપૂર્વક ઉજવણી





લીલીયા મોટા, તા. ૨૮

સમગ્ર દેશ સહિત રાજયભરમાં આજે ત્યાગ અને બલિદાનના પ્રતીક સમાન પવિત્ર તહેવાર ઈદ–ઉલ–અઝહા એટલે કે બકરી ઈદની પરંપરાગત રીતે ઉજવણી કરવામાં આવી રહી છે, ત્યારે લીલીયા મોટા મુકામે પણ મુસ્લિમ બિરાદરો દ્વારા બકરી ઈદની ભારે હર્ષોલ્લાસ અને ધામધૂમપૂર્વક ઉજવણી કરવામાં આવી હતી. આ પવિત્ર અવસરે સવારથી જ લીલીયા મોટાના ઈદગાહ ખાતે મુસ્લિમ સમાજના લોકો મોટી સંખ્યામાં એકત્રિત થયા હતા. જયાં વહેલી સવારે ઈદની વિશેષ નમાઝ અદા કરવામાં આવી હતી. નમાઝ બાદ જુમ્મા મસ્જિદના પેશ ઈમામ બાવાંમિયા બાપુ દ્વારા દેશમાં અમન, શાંતિ,ભાઈચારો અને સમૃદ્ધિ જળવાઈ રહે તે માટે ખાસ દુઆ માંગવામાં આવી હતી.નમાઝ સંપન્ન થયા બાદ તમામ બિરાદરોએ એકબીજાને ગળે મળીને ' ઈદ મુબારક' પાઠવ્યા હતા અને ખુશીઓ વ્યકત કરી હતી. બાળકોમાં પણ ઈદને લઈને ભારે ઉત્સાહ જોવા મળ્યો હતો, તેઓ નવા વસ્ત્રો સજીને વડીલોના આશીર્વાદ લેતા નજરે પડયા હતા. ઈદના તહેવારને લઈને મુસ્લિમ મહોલ્લાઓમાં વહેલી સવારથી જ તહેવારનો માહોલ જોવા મળ્યો હતો. આ પવિત્ર તહેવારની ઉજવણી શાંતિપૂર્ણ અને કોમી એકતાના વાતાવરણમાં સંપન્ન થાય તે માટે લીલીયા પોલીસ સ્ટેશનના પી.આઈ એમ.ડી.સાળુંકે દ્વારા ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. તેમ ઈમરાન પઠાણની અખબારી યાદીમાં જણાવેલ છે.

## આઝાદીનાં ૮ દાયકા બાદ પણ સુવિધા મળી નથી

# ધારી–ચલાલા–વિસાવદર વિસ્તારને પણ બ્રોડગેજ રેલ્વેની સુવિધા આપવા માંગ

**૧લી જુનથી સહિ અભિયાન શરૂ કરાશે**



અમરેલી, તા. ૨૮

અમરેલી જિલ્લાના ધારી, ચલાલા અને વિસાવદર વિસ્તારના લોકો માટે લાંબા સમયથી બ્રોડગેજ રેલવે સુવિધાની માંગ હવે વધુ મજબૂત બની રહી છે. ''મિશન બ્રોડગેજ–જનતાની જરૂરિયાત'' અભિયાન અંતર્ગત આવતી તા.૧ જૂન, સોમવારના રોજ સવારે ૯ વાગ્યે ધારી તાલુકા પંચાયત ચોક ખાતે સહી અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે.

આ વિસ્તારના નાગરિકો, વેપારીઓ, યુવાનો તથા વિવિધ સામાજિક આગેવાનો દ્વારા આ અભિયાનમાં મોટી સંખ્યામાં લોકોને જોડાવા અપીલ કરવામાં આવી છે.

આયોજકોના જણાવ્યા મુજબ ધારી–ચલાલા–વિસાવદર પટ્ટામાં લાંબા સમયથી લોકો બ્રોડગેજ રેલવે સુવિધાની માંગ કરી રહ્યા છે, કારણ કે હાલ પરિવહન અને કનેક્ટિવિટીની મર્યાદિત સુવિધાઓને કારણે લોકોને અનેક મુશ્કેલીઓનો સામનો કરવો પડે છે.

અભિયાનના સમર્થકોનું માનવું છે કે દેશના મોટા ભાગના રેલવે માર્ગો હવે બ્રોડગેજમાં પરિવર્તિત થઈ ચૂકયા છે. અને બ્રોડગેજ રેલવેમાં વધુ ક્ષમતા, વધુ માલવહન શકિત તથા ઝડપી અને સુરક્ષિત મુસાફરી માટે મહત્વપૂર્ણ માનવામાં આવે છે. આ ઉપરાંત બ્રોડગેજ સુવિધા શરૂ થવાથી વિસ્તારના વેપાર, કૃષિ અને ઉદ્યોગોને નવી દિશા મળશે.

વધુમાં જણાવાયું છે કે બ્રોડગેજ રેલવે થકી આ વિસ્તારના લોકોને સારી કનેક્ટિવિટી મળશે, રોજગારીની નવી તકો ઊભી થશે તેમજ સમગ્ર વિસ્તારના સર્વાંગી વિકાસને ગતિ મળશે. ખાસ કરીને વિદ્યાર્થીઓ, વેપારીઓ અને રોજગાર માટે બહાર જતા લોકો માટે આ સુવિધા અત્યંત ઉપયોગી સાબિત થઈ શકે છે. '' જનતાની જરૂરિયાત અને વિસ્તારના વિકાસ માટે વધુમાં વધુ લોકો આ સહી અભિયાનમાં જોડાય અને પોતાની માંગ મજબૂત બનાવે.''

''સાથી હાથ બઢના મિશન બ્રોડગેજ''ના સૂત્ર સાથે શરૂ થયેલા આ અભિયાનને વિસ્તારમાં સારો પ્રતિસાદ મળી રહ્યો છે. અને આગામી સમયમાં આ માંગને સરકાર સુધી પહોંચાડવા માટે વધુ કાર્યક્રમો યોજાશે તેવી શકયતા વ્યકત કરવામાં આવી રહી છે.

## તાલુકા પ્રાથમિક શિક્ષણ અધિકારીએ નોટિસ પાઠવી

# બાબરામાં જ્ઞાનજયોત પ્લે હાઉસનાં બિનઅધિકૃત બગીચા મુદ્દે વિવાદ ગરમાયો

**સ્થાનિકોની રજૂઆત બાદ કાર્યવાહી શરૂ**




તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

બાબરા, તા. ૨૮

બાબરા શહેરના રામનગર સોસાયટી વિસ્તારમાં આવેલ જ્ઞાનજયોત પ્લે હાઉસ દ્વારા બનાવવામાં આવેલા બિનઅધિકૃત બગીચા મુદ્દે હવે વિવાદ વધુ ગરમાયો છે. સ્થાનિક રહીશો દ્વારા તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી તેમજ નગરપાલિકા કચેરીમાં લેખિત રજૂઆત કરી બગીચો તાત્કાલિક અસરથી બંધ કરાવવા માંગ ઉઠાવવામાં આવી છે.

રહીશોની રજૂઆત અનુસાર રામનગર વિસ્તારમાં આવેલી જ્ઞાનજયોત પ્લે હાઉસ શાળાની બાજુમાં બાળકો માટે બગીચો બનાવવામાં આવ્યો છે, પરંતુ આ બગીચા માટે જરૂરી મંજૂરી લેવામાં આવી નથી. ઉપરાંત બગીચામાં રાખવામાં આવેલા રાઈડસ અને અન્ય સાધનો બાળકો માટે જોખમી હોવાનું પણ રજૂઆતમાં જણાવાયું છે.

સ્થાનિક આગેવાનો અને રહીશોએ આક્ષેપ કર્યો છે કે સોસાયટીના રહેણાંક વિસ્તારમાં બાળકો માટે ઉભા કરાયેલા સાધનોની કોઈપણ પ્રકારની સલામતી ચકાસણી કરવામાં આવી નથી. નાના બાળકો રમવા આવતા હોવાના કારણે ગંભીર અકસ્માત સર્જાવાની ભીતિ વ્યકત કરવામાં આવી છે. ખાસ કરીને રાઈડસ નજીક સુરક્ષા માટે કોઈ વ્યવસ્થા ન હોવાને લઈને વાલીઓમાં ચિંતા ફેલાઈ છે.

આ સમગ્ર મામલે તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારી કચેરી દ્વારા પણ ગંભીરતા દાખવવામાં આવી છે. કચેરીએ સંચાલકોને બગીચા અંગે જરૂરી મંજૂરી બાબતે સ્પષ્ટતા કરવા નોટિસ પાઠવી હોવાનું જાણવા મળે છે. સાથે જ નગરપાલિકા ચીફ ઓફિસરને સ્થળ તપાસ કરી યોગ્ય કાર્યવાહી કરવા રજૂઆત કરવામાં આવી છે.

રામનગર સોસાયટીના રહીશોનું કહેવું છે કે શૈક્ષણિક સંસ્થા દ્વારા નિયમોનું પાલન કર્યા વગર બાળકોની સલામતી સાથે ચેડા કરવામાં આવી રહ્યા છે, જે કોઈપણ રીતે યોગ્ય નથી. સમયસર કાર્યવાહી નહીં થાય તો આગામી સમયમાં મોટો અકસ્માત સર્જાય તેવી ભીતિ પણ વ્યકત કરવામાં આવી છે.

આ મુદ્દે શહેરમાં ચર્ચાનો માહોલ ગરમાયો છે અને હવે શિક્ષણ વિભાગ તેમજ પાલિકા તંત્ર દ્વારા શું પગલાં લેવામાં આવે છે તેના પર સૌની નજર ટકેલી છે.


શિવ ફરસાણ (ધારીવાળા)

સ્પે.નાયલોન ખમણ ખમણ હાજરમાં મળશે. ખજુરની ચટણી સાથે

નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે.લીલીયા રોડ,અમરેલી.


# અમરેલી : અર્જુન નગર સોસાયટીમાં અધિક માસની ઉજવણી કરવામાં આવી





અમરેલી, તા.૨૮

અમરેલી ખાતે જેઠ મહિનો ચાલુ હોવાથી તેમાં અધિક માસ હોય ત્યારે ઠેર ઠેર મહિલાઓ દ્વારા કાંઠા ગોર માં અને પુરૂષોત્તમ ભગવાન પૂજા અર્ચના કરવામાં આવે છે. આ દરમિયાન અમરેલીની પટેલ સંકુલ પાછળ આવેલી અર્જુન નગર સોસાયટીમાં મહિલાઓ દ્વારા પુરૂષોત્તમ ભગવાનની પૂજા અર્ચના દરરોજ કરવામાં આવે છે આજ રોજ ૨૭/૫/૨૬ ને બુધવાર ને અગિયારસના રોજ કૃષ્ણ લીલા અને રાસ ગરબાનું આયોજન કરાયું. તેમાં મહિલા દ્વવારા રાધા. ક્રિષ્નાનું વેશ ધારણ કર્યુ હતું. બાકીના લોકો સાથે મળીને રાસ ગરબા લીધા હતા. બધા લોકો ને ખુબજ આનંદ આવ્યો.


શ્રી વિવેક વિદ્યા વિકાસ ટ્રસ્ટ અમરેલી સંચાલિત

(સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન તથા સરકાર માન્ય, સેલ્ફ ફાઈનાન્સ)

શ્રી એમ.ડી. સીતાપરા કોમર્સ કોલેજ

ઓમનગર નં.-૩, જી.આઈ.ડી.સી.પાસે, લાઠી રોડ, અમરેલી ૩૬૫૬૦૧ ફોન : (૦૨૭૯૨) ૨૨૫૬૩૯

પ્રવેશની ઉત્તમ તક...

વર્ષ-૨૦૨૬માં ધો.૧૨માં ઉર્તિણ થનાર વિદ્યાર્થી ભાઈ/બહેનોને ખુબ...ખુબ... અભિનંદન...

શું આપ પ્રવેશની મુંજવણમાં છો ? વિદ્યાર્થીઓ અને વાલીઓની ચિંતા કરતી એકમાત્ર સંસ્થામાં ઓનલાઈન રીઝલ્ટની પ્રિન્ટ સાથે મેરીટના ધોરણે પ્રવેશ ચાલુ છે

પ્રવેશ મેળવવા ઈચ્છતા વિદ્યાર્થીએ https://gcas.gujgov.edu.in પર રજીસ્ટ્રેશન કરાવવું ફરજીયાત છે.

F.Y.B.Com. SEMESTER-1 | S.Y.B.Com. SEMESTER-3 | T.Y.B.Com. SEMESTER-5 | M.Com. SEMESTER-1,3

- ધોરણ–૧૨ સામાન્ય પ્રવાહની માર્કશીટ ઈસ્યુ થયાનાં દિવસ સુધી મેરીટથી અરજી સ્વીકારાશે.
- પ્રવેશ અરજી સાથે જ પ્રથમ સેમેસ્ટરની ફી ડીપોઝીટ તરીકે જમા કરાવવાની રહેશે. મેરીટમાં આવેલની ડીપોઝીટની રકમ સેમેસ્ટર ફી માં ટ્રાન્સફર થશે. બાકીનાને ડીપોઝીટની રકમ પરત કરવામાં આવશે.

સુવિધાઓ

- તદન આધુનિક સુવિધા સજ્જ ત્રણ માળનું, સાધન સંપન્ન કલાસરૂમો અને આધુનિક કોમ્પ્યુટર લેબ સાથેનું મકાન.
- વિશાળ જ્ઞાની, શિક્ષણ પ્રેમી, અનુભવી, સતત માર્ગદર્શન આપનાર યુનિ. માન્યતા પ્રાપ્ત અધ્યાપકો દ્વારા (Walk To Talk) સઘન શિક્ષણની સુવિધા.
- વિશાળ જ્ઞાન, સામગ્રી સાથેની સેન્ટ્રલ લાયબ્રેરી, દરેક વિદ્યાર્થી દીઠ ફ્રી મેગેઝીન્સ, ન્યુઝપેપર.
- અભ્યાસક્રમને લગતા તમામ પાઠય પુસ્તકોનો સેટ વિદ્યાર્થીને પ્રવેશ લીધા પછી તરત જ આપવામાં આવે છે.
- ગુજરાતી માધ્યમનો વિદ્યાર્થી પણ અંગ્રેજી માધ્યમમાં પ્રવેશ મેળવી શકે છે.
- નવી શિક્ષણ નીતિ મુજબના Accounting & Finance, Business Management, જેવા મહત્વનાં વિષયોની વૈકલ્પિક પસંદગી.
- સમાજ કલ્યાણ ખાતા તરફથી S.C., S.T., O.B.C., તથા વિકલાંગ વિદ્યાર્થી ભાઈ/બહેનને સ્કોલરશીપનો લાભ પણ આપવામાં આવે છે.

શ્રી ડો. એસ.પી. સિતાપરા પ્રિન્સિપાલ મો. ૯૮૨૫૯ ૩૮૦૪૮

વધુ માહિતી માટે રૂબરૂ સંપર્ક સવારનાં ૮:૩૦ થી ૧૨:૦૦ સુધી www.mdscollege.org

શ્રીમતિ વનીતા બી. સીતાપરા મેનેજીંગ ટ્રસ્ટી

## જયાં પણ ગંદકી કે અન્ય કાટમાળ નજરે ચડે તેનો યુધ્ધનાં ધોરણે નિકાલ શરૂ

# અમરેલી પાલિકાનાં શાસકો દ્વારા શહેરને સુંદર બનાવવાનો નિર્ધાર

**શહેરનાં શિવપાર્ક વિસ્તારમાં ઘણા મહિનાઓથી ખાલી પ્લોટમાં પડેલ કાટમાળ દૂર કરાયો**

**આગામી કલાકોમાં ચિતલ રોડ ઉપરની તમામ બંધ સ્ટ્રીટલાઈટને શરૂ કરી દેવાશે**

**પાલિકામાં શાસન સંભાળતાની સાથે જ મહિલા પ્રમુખ વૈશાલીબેન સંદિપભાઈ માંગરોળીયાએ કામગીરી શરૂ કરી**

**છેલ્લા ૨૫ વર્ષમાં જેટલા વિકાસકાર્યો ન થયા હોય તેટલા આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરી દેવાની તૈયારી**



અમરેલી, તા. ૨૮

અમરેલી પાલિકામાં ભાજપની સત્તાનું પુનરાવર્તન થયા બાદ પ્રમુખ પદે વૈશાલીબેન સંદિપભાઈ માંગરોળીયા અને તેમની ટીમે કાર્યભાર સંભાળીને તુરત જ બીજા દિવસથી શહેરની સુંદરતામાં વધારો કરવા, શહેરીજનોની સુવિધા વધારવા અને રોજબરોજનાં કાર્યોનો નિકાલ કરવાનું શરૂ કરી દીધું છે.

સૌપ્રથમ શહેરની સુંદરતા વધારવા માટે સફાઈ કામગીરીની આકસ્મિક ચકાસણી કરવી, ઘટતા સ્ટાફ કે વાહનોની સમસ્યા દૂર કરવા માટે રૂપરેખા તૈયાર કરી અને જાહેર જગ્યાએ કોઈપણ સ્થળે ગંદકી કે કાટમાળ નજરે ચડે એટલે તેને હટાવવાની કામગીરી શરૂ કરવામાં આવી છે.

શહેરનાં ચિતલ રોડ ઉપર શિવપાર્ક વિસ્તારમાં ઘણા મહિનાઓથી કાટમાળનો ઢગલો પડયો હોય જેને પણ આજે જેસીબી અને ટ્રેકટરની મદદથી દૂર કરવામાં આવ્યો હતો.

તદુઉપરાંત, શહેરનાં ચિતલ રોડ પરની અંદાજિત ૫૦ જેટલી બંધ સ્ટ્રીટલાઈટને પૂનઃ શરૂ કરવા માટેની કામગીરી શરૂ કરવામાં આવી છે. તેમજ શહેરનાં કોઈપણ વિસ્તારમાં બંધ સ્ટ્રીટલાઈટ હોય તેને ૪૮ કલાકમાં શરૂ કરવા માટે કર્મચારીઓને સુચના આપવામાં આવી છે.

પાલિકા પ્રમુખનાં પ્રતિનિધિ સંદિપભાઈ માંગરોળીયા છેલ્લા ૨૫ વર્ષમાં જે કાર્યો થયા નથી તે કાર્યો આગામી પાંચ વર્ષમાં પૂર્ણ કરવાનાં લક્ષ્યાંક સાથે આગળ વધી રહ્યા છે અને તેઓનો ઉત્સાહ જોતા શહેરની સુંદરતામાં વધારો થશે તેવું લાગી રહ્યું છે.


ટ્રસ્ટ, NGO, સ્કૂલ, માટે ખાસ
નવા ટ્રસ્ટ બનાવવા, ચેરીટી કમીશ્નરમાં નોંધણી કરાવવી ઓડીટ કરાવવા, મંદિર, મસ્જિદ, ગૌશાળા, હોસ્ટેલ, સ્કૂલ વગેરેના એકાઉન્ટ કરી આપવામાં આવશે.
ઈન્કમ ટેકસના સર્ટિફીકેટ, 12AB,80G, ઈન્કમ ટેકસના રીટર્ન વગેરે...
જુના બંધ પડેલા ટ્રસ્ટમાં વાર્ષિક હિસાબો, અન્ય રેકર્ડ વગેરે વ્યકિતગત કરી આપવામાં આવશે.
વેપારી એકાઉન્ટ, GST રીટર્ન, પાનકાર્ડ વગેરે કરી આપાવામાં આવશે.
શ્રીનાથજી કોમ્પ્યુટર્સ
૪૦, પહેલા માળે, હિરકબાગ શો. સેન્ટર, માર્કેટયાર્ડ રોડ, અમરેલી
ભરત બી. પારેખ - ૯૪૨૮૩ ૪૦૯૩૪

અંગ્રેજી ન્યુઝ પેપર
The Indian EXPRESS
શેર બજારનું ગુજરાતી ન્યુઝ પેપર
ફાયનાન્સિયલ એક્સપ્રેસ
આપના ઘરે શરૂ કરવા માટે સંપર્ક કરો
પ્રકાશભાઈ ચંદારાણા
મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

Hero
SPECIAL OFFER
EXCLUSIVE SALE
LIMITED TIME ONLY





Cash Discount ₹2500*
Navnit Hero
ગોપી ટોકીઝ પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
Mo. +91 92899 22254

જય માં ગાત્રાડ આઈ એસ્ટેટ બ્રોકર
અમરેલીના કોઈપણ વિસ્તારમાં પ્લોટ-મકાન-દુકાન કે ઓફિસ ભાડે દેવા કે લેવા ખરીદવા કે વેચવા માટે મળો...
અનિલસિંહ જનવાર : Mo.94268 31241

ભારતમાં સૌથી સારો મેડીકલેઇમ
મેડીકલેઇમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.)
(૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઇમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦

રાજકોટ શહેર તેમજ ગ્રામ્ય વિસ્તારમાં કોમર્શિયલ, રેસિડેન્શિયલ, પ્લોટ્સ લેવા-વેચવા ભાડેથી મેળવવા
PRIME PROPERTY
જયદિપ રાયઠઠ્ઠા
Mo. 93770 03636

દરેક સફર હવે Shine સાથે
સ્ટાઈલ પણ, સેવિંગ પણ





₹71015
₹65,446/-
લિમિટેડ પીરિયડ ઓફર
₹ 4999*
પરીખ હોન્ડા
રેલ્વે સ્ટેશનની સામે, સ્ટેશન રોડ, અમરેલી.

MARUTI SUZUKI ARENA
CELEBRATE NEW YEAR WITH AMAZING PRICES.





DZIRE
Happy New Year 2026
₹6.26 LAKH*
S-CNG
મારૂતિ સુઝુકી ઓથોરાઇઝ્ડ ડીલર
આલ્ફા ઓટોલિંક
Alpha Autolink
સર્વે નં.૧૫૧, ૧૫૨, બાયપાસ રોડ, અમરેલી.
સેલ્સ : 99046 49999 સર્વિસ : 99045 49999

YAMAHA Revs Your Heart
BOOK NOW TO AVOID FESTIVE RUSH
PRICED NOW AT ₹1,45,190 ₹1,33,132
THANK YOU, GST!
GST BENEFIT ₹12,058*
+
INSURANCE BENEFIT UP TO ₹6,501*





FZ-S Fi HYBRID
જીજ્ઞેશ એજન્સી
લાઠી બાયપાસ ચોકડી, યામાહા શો-રૂમ, અમરેલી.
મો. ૭૦૪૮૬ ૮૨૦૦૪ / ૭૦૪૮૭ ૮૨૦૦૪

WALK IN INTERVIEW
જનરલ ઓફીસ એડમીનીસ્ટ્રેશન માટે સ્ટાફ જોઇએ છે
(કામની જવાબદારી)
GENERAL WEB MANAGEMENT
MULTIMEDIA
(WHATS APP BUSINESS, TWEETER, INSTA, TELEGRAM, FACEBOOK, YOU-TUBE)
GEM PORTAL CORRESPONDENCE
E-MAIL CORRESPONDENCE
GENERAL ACCOUNTING (TALLY – MIRACLE)
IT RETURNS (I-TEX)
PAN CARD APPLICATION
E-STAMP PORTAL
CSC PORTAL
IRCTC RAILWAY TICKET PORTAL
MUTUAL FUND MANAGEMENT
INSURANCE PORTAL
B.Com., Microsoft Office, Tally, English Language, EPFO No., UAN No.
SALARY : Rs. 40 / Hour (Starting) + EPF
TIME : MONDAY to SATURDAY 8:45 AM to 1:45 PM - 2:45 PM to 7:45 PM
MAHAJAN TELNET LLP.
E-mail : info@mahajantelnet.com
Web : www.mahajantelnet.com
95 86 86 86 45

શું તમે હરસ, મસા, ભગંદર અને ફિશર જેવી મળમાર્ગની બિમારીથી પીડાવ છો..?
શરમ સંકોચ છોડો, સહન ન કરો, સારવાર કરાવો
આ ગંભીર બિમારીઓમાંથી છુટકારો મેળવવા આજે જ સંપર્ક કરો





ડો. કાજલ બગડા
BAMS,MS.(Ayu.)
કન્સલ્ટન્ટ પ્રોક્ટોલોજીસ્ટ એન્ડ જનરલ સર્જન
હરસ, મસા, ફિશર અને જટિલ ભગંદરની સારવાર
જટીલ ભગંદરની અત્યંત પ્રચલિત ક્ષારસૂત્રથી સારવાર
રીંગ Rubber Band Ligation થી મસા ના ઓપરેશન
ઇન્જેકશનથી Sclero therapy મસાની સારવાર
નાસુર Pilo nidal sinus ની સારવાર
ચામડીના મસા, ચરબીની ગાંઠ, ગુમડુ, કપાસી
પાચનતંત્રના જુના હઠીલા રોગોની સારવાર
મૂત્રમાર્ગ તથા પિત્તાશયની પથરીની આયુર્વેદીક સારવાર
7 વર્ષનો અનુભવ
20000+ દર્દીઓની તપાસ
3500+ ઓપરેશન
અમરેલીના સૌ પ્રથમ મહિલા પ્રોક્ટોલોજીસ્ટ
Shreeji HOSPITAL
સ્થળ : ડો. રાણવાસર હોસ્પિટલ, ભીડભંજન મંદિરની પાસે, લીલીયા રોડ, અમરેલી
Shreeji Hospital Amreli +91 95744 13737 Shreejihospitalamreli@gmail.com




### બિઝનેસ ટૂર પર ભારતમાં આવ્યો હતો કોંગોનો યુવક

# કોંગોથી આવેલા ઈબોલાના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ, તંત્રને હાશકારો

## આ યુવકને વડોદરાથી અમદાવાદ લાવવામાં આવ્યો હતો, જે બાદ તેના સંપર્કમાં આવેલા એક ડોક્ટર અને યુવકના બે મિત્રો સહિત કુલ 3 વ્યક્તિઓને ક્વોરન્ટાઇન કરાયા હતા

અમદાવાદ, તા.૨૮

ગુજરાતભરના લોકો તેમજ આરોગ્ય વિભાગ માટે રાહતના સમાચાર એ છે કે કોંગોથી વડોદરા આવેલા શંકાસ્પદ દર્દીનો ઈબોલાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. રાજયના આરોગ્ય મંત્રીએ સોશિયલ મીડિયાના માધ્યમથી જાણકારી આપી છે કે નાગરિકોએ ડરવાની જરૂર નથી, કોંગોથી આવેલા ચેપજન્ય રોગ ઈબોલા વાઈરસના શંકાસ્પદ દર્દીનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. સાથે જ તેમને અફવાથી દૂર રહેવા તેમજ આરોગ્ય વિભાગ દ્વારા આપવામાં આવતી સત્તાવાર માહિતી પર ભરોસો કરવાની અપીલ કરી છે. મહત્વનું છે કે ગઈકાલે બુધવારના રોજ ભારત પ્રવાસે આવેલા મૂળ આફ્રિકન દેશના આ યુવકને વડોદરાથી અમદાવાદ સિવિલ હોસ્પિટલમાં લાવવામાં આવ્યો હતો, જે બાદ તેના સંપર્કમાં આવેલા એક ડોક્ટર અને યુવકના બે મિત્રો સહિત કુલ ૩ વ્યક્તિઓને ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા હતા. પણ રિપોર્ટ નેગેટિવ આવતા ત તંત્ર સહિત ક્વોરન્ટાઈન થયેલા લોકોએ રાહતનો શ્વાસ લીધો છે.

આફ્રિકાના કોંગોમાં રહેતો ૩૭ વર્ષનો યુવક બિઝનેસ ટૂર પર ભારતમાં આવ્યો હતો. મુંબઈમાં રોકાયા પછી સેલવાસ અને દમણ ગયા પછી તે ગઈકાલે વડોદરાની એક કંપનીમાં વિઝિટ માટે આવ્યો હતો. રાત્રે તેને તાવ આવતા કંપનીનો સ્ટાફ તેઓને સારવાર માટે વારસિયા રિંગરોડની હોસ્પિટલમાં લઈ ગયો હતો. ટ્રાવેલિંગ હિસ્ટ્રી જાણ્યા પછી દર્દીને ક્વોરન્ટાઈન કરાયો હતો. હોસ્પિટલના ડોક્ટરે જણાવ્યું હતું કે, અમારી પાસે ઈબોલાની સારવાર માટેની માન્યતા નથી. જેથી, કોર્પોરેશનને જાણ કરવામાં આવતા દર્દીને વધુ સારવાર માટે અમદાવાદ શિફ્ટ કરવામાં આવ્યો હતો.

આફ્રિકન દેશો યુગાન્ડા, દક્ષિણ સુદાન અને કોંગોમાં જીવલેણ ઈબોલા વાઈરસનો પ્રકોપ વધતાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનનું (છસ્ઝ) આરોગ્ય વિભાગ એક્શન મોડમાં આવી ગયું છે. તકેદારીના ભાગરૂપે પ્રશાસન દ્વારા અમદાવાદમાં તમામ જરૂરી તૈયારી શરૂ કરી દેવામાં આવી છે. આ આફ્રિકન દેશોમાંથી અમદાવાદ આવેલા ૧૧ જેટલા મુસાફરોને હાલ તેમના ઘરે જ હોમ આઈસોલેશનમાં રાખવામાં આવ્યા છે.

આ વખતે ઈબોલાનો બુંડીબુગ્યો સ્ટ્રેન ફેલાઈ રહ્યો છે, જે આ વાઈરસનો એક અત્યંત દુર્લભ પ્રકાર છે. આ સ્ટ્રેન માટે હાલમાં કોઈ ખાસ વેક્સિન કે ચોક્કસ સારવાર ઉપલબ્ધ નથી, જેના કારણે રોગને કાબૂમાં લેવો મુશ્કેલ બની રહ્યો છે. ઉર્ૐના મતે, આ સ્ટ્રેનમાં મૃત્યુદર ૩૦% થી ૫૦% સુધી હોઈ શકે છે. આ વાઈરસ સૌપ્રથમ ૨૦૦૭માં યુગાન્ડાના બુંડીબુગ્યો વિસ્તારમાં જોવા મળ્યો હતો.

આ ચેપ મે ૨૦૨૬માં કોંગોના ઈતુરી પ્રાંતમાંથી શરૂ થયો હતો. આ વિસ્તાર લાંબા સમયથી હિંસા અને સંઘર્ષથી પ્રભાવિત છે. અહીં મોટી સંખ્યામાં વિસ્થાપિત લોકો અને સોનાની ખાણોમાં કામ કરતા મજૂરો રહે છે. લોકોની સતત અવરજવરને કારણે વાઈરસ ઝડપથી ફેલાઈ રહ્યો છે, અને હવે તે નોર્થ કિવુ અને સાઉથ કિવુ પ્રાંત સુધી પહોંચી ગયો છે. સાઉથ કિવુના કેટલાક ભાગો પર બળવાખોર સંગઠનનો કબજો છે.

ભારત સરકારે આ ખતરાને જોતા તકેદારીના ભાગરૂપે કડક ગાઈડલાઈન જાહેર કરી છે. કોંગો અને યુગાન્ડાથી આવતી ફલાઈટ્સ પર કોવિડ જેવા જ પ્રોટોકોલ લાગુ કરાયા છે. એરપોર્ટ પર થર્મલ સ્ક્રિનિંગ અને શંકાસ્પદ મુસાફરોને પ્લેનમાં અલગ બેસાડવાના નિયમો લાગુ કરાયા છે. સાથેજ વેલ એડવાઈઝરી જાહેર કરીને સરકારે નાગરિકોને આગામી સૂચના સુધી ડેમોક્રેટિક રિપબ્લિક ઓફ કોંગો, યુગાન્ડા અને દક્ષિણ સુદાનની યાત્રા ન કરવા સલાહ આપી છે.

ઈબોલા વાઈરસ સૌપ્રથમ ૧૯૭૬માં આફ્રિકામાં જોવા મળ્યો હતો. વાઈરસ સંક્રમિત વ્યક્તિના લોહી, શારીરિક પ્રવાહી , કપડાં, પથારી અને તબીબી ઉપકરણોના સંપર્કમાં આવવાથી ફેલાય છે. આ ઉપરાંત ચામાચીડિયા, ચિમ્પાન્ઝી, ગોરિલા અને વાંદરા જેવા સંક્રમિત પ્રાણીઓના સંપર્કથી પણ મનુષ્યોમાં ફેલાય છે.

શરૂઆતમાં તાવ, નબળાઈ અને શરીરનો દુખાવો જેવા લક્ષણો દેખાય છે. સ્થિતિ ગંભીર થવા પર ઉલ્ટી, ડાયરિયા અને શરીરમાંથી લોહી વહેવા જેવી ગંભીર સમસ્યાઓ થાય છે. તબીબોના મતે, આ વાઈરસના શરૂઆતી લક્ષણો મેલેરિયા જેવા સામાન્ય રોગોને મળતા આવતા હોવાથી તેની તાત્કાલિક ઓળખ કરવી મુશ્કેલ બને છે, જેના કારણે સંક્રમણ ઝડપથી ફેલાય છે.

### દિલ્હી બીજેપીની કમાન હર્ષ મલ્હોત્રાના હાથમાં

# દિલ્હી-પંજાબ સહિત ૪ રાજ્યોમાં નવા પ્રદેશ પ્રમુખોની નિમણૂક

## પંજાબમાં ચૂંટણીને લગભગ એક વર્ષ જેટલો સમય બાકી હોવાથી ભારતીય જનતા પાર્ટીએ અહીં ફેરફાર કર્યો છે

નવી દિલ્હી, તા.૨૮

પશ્ચિમ બંગાળ, આસામ, તમિલનાડુ, કેરળ અને પુડુચેરીની વિધાનસભાની ચૂંટણીઓ પૂરી થતાં હવે ભારતીય જનતા પાર્ટી (BJP)એ સંગઠનમાં મોટા પાયે ફેરફારો શરૂ કરી દીધા છે. ભારતીય જનતા પાર્ટીએ દેશની રાજધાની દિલ્હી સહિત ૪ રાજ્યોમાં પ્રદેશ અધ્યક્ષ બદલી નાખ્યા છે. દિલ્હીની સાથે જ પંજાબ, હરિયાણા અને પૂર્વોત્તર રાજ્ય ત્રિપુરાને હવે નવા પ્રદેશ અધ્યક્ષ મળ્યા છે.

દિલ્હી બીજેપીના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે હર્ષ મલ્હોત્રાની નિમણૂક કરવામાં આવી છે. હર્ષ મલ્હોત્રા પૂર્વ દિલ્હીના સાંસદ છે અને તેઓ ભારત સરકારના માર્ગ પરિવહન અને ધોરીમાર્ગ મંત્રાલયમાં રાજ્યમંત્રી તરીકે કાર્યરત છે.

પંજાબમાં આવતા વર્ષે વિધાનસભાની ચૂંટણી યોજાવાની છે. ચૂંટણીને લગભગ એક વર્ષ જેટલો સમય બાકી હોવાથી ભારતીય જનતા પાર્ટીએ અહીં પણ મોટો સંગઠનાત્મક ફેરફાર કર્યો છે. ભારતીય જનતા પાર્ટીએ સુનીલ જાખડની જગ્યાએ નવા નેતાને પાર્ટીના સંગઠનની કમાન સોંપી છે. ભારતીય જનતા પાર્ટીએ કેવલ સિંહ ઢિલ્લોંને પંજાબ બીજેપીના નવા પ્રદેશ અધ્યક્ષ તરીકે જાહેર કર્યા છે.આ ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના રાષ્ટ્રીય અધ્યક્ષ નીતિન નવીને અભિષેક દેબરોયના હાથમાં ત્રિપુરાની કમાન સોંપી દીધી છે. એટલે કે તેમને ત્રિપુરાના પ્રદેશ અધ્યક્ષ નિયુક્ત કરાયા છે.

હરિયાણાની વાત કરીએ તો હરિયાણામાં ડો. અર્ચના ગુપ્તાને ભારતીય જનતા પાર્ટીએ પ્રદેશ અધ્યક્ષની ખુરશી પર બેસાડ્યા છે. ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષે હરિયાણાના પ્રદેશ અધ્યક્ષ તરીકે ડો.અર્ચના ગુપ્તાના નામ પર મહોર લગાવી દીધી છે.

### DK શિવકુમાર સંભાળશે રાજ્યની કમાન

# કર્ણાટકના CM સિદ્ધારમૈયાએ કરી રાજીનામાની જાહેરાત

## કર્ણાટકમાં મુખ્યમંત્રી પદને લઈને સસ્પેન્સ ખતમ થયું

બેંગલુરૂ, તા.૨૮

કર્ણાટકના મુખ્યમંત્રી સિદ્ધારમૈયાએ ગુરૂવારે રાજીનામાની જાહેરાત કરી દીધી છે. બેંગલુરૂમાં મુખ્યમંત્રી આવાસ પર મંત્રીઓની સાથે બ્રેકફાસ્ટ મીટિંગમાં તેમણે આ જાહેરાત કરી છે. તેમણે મંત્રીઓને પોતાના આ નિર્ણયની જાણકારી આપી. બપોરે ત્રણ કલાકે સિદ્ધારમૈયા લોકભવન જશે. તેઓ રાજ્યપાલ ઓફિસને પોતાનું રાજીનામું સોંપશે કારણ કે આ સમયે કર્ણાટકના રાજ્યપાલ થાવરચંદ ગેહલોલ બેંગલુરૂમાં હાજર નથી. તેઓ આ સમયે મધ્ય પ્રદેશના ઈન્દોરમાં છે.

સિદ્ધારમૈયાએ સવારે ૧૦.૩૦ કલાકે બ્રેકફાસ્ટ પર કેબિનેટની બેઠક બોલાવી હતી. આ બેઠકમાં તેમણે રાજીનામાની જાહેરાત કરવાની હતી. તેમના રાજીનામા બાદ ડીકે શિવકુમારના મુખ્યમંત્રી બનવાનો માર્ગ મોકળો થઈ ગયો છે. તેને લઈને ઘણા સમયથી કર્ણાટકની રાજનીતિમાં હલચલ જોવા મળી રહી હતી.આ પહેલા આજે સવારે સિદ્ધારમૈયા અને ડીકે શિવકુમારે બેંગલુરૂમાં મુખ્યમંત્રી આવાસ પર બ્રેકફાસ્ટ મીટિંગ દરમિયાન એકબીજાને ગળે લગાવ્યા. નાયબ મુખ્યમંત્રી ડીકે શિવકુમારે મુખ્યમંત્રી સિદ્ધારમૈયાના ચરણ સ્પર્શ પણ કર્યા હતા.કર્ણાટકમાં કોંગ્રેસની સરકાર ૨૦૨૩મા બની હતી. ૨૩ મે ૨૦૨૩ના સિદ્ધારમૈયાએ મુખ્યમંત્રી પદે શપથ લીધા હતા. ડીકે શિવકુમારને નાયબ મુખ્યમંત્રી બનાવવામાં આવ્યા હતા. તે સમયે અઢી-અઢી વર્ષની ફોર્મ્યુલા પર વાત થઈ હતી. એટલે કે પહેલા અઢી વર્ષ સિદ્ધારમૈયા અને બાકીના અઢી વર્ષ ડીકે શિવકુમાર મુખ્યમંત્રી રહેશે. પરંતુ સરકારમાં ત્રણ વર્ષ બાદ પણ સત્તા પરિવર્તન થઈ રહ્યું નહોતું. તેને લઈને સિદ્ધારમૈયા અને ડીકેના જૂથ વચ્ચે વિવાદ જોવા મળી રહ્યો હતો.ડીકે જૂથના લોકો સતત તેમને મુખ્યમંત્રી બનાવવાની માંગ કરી રહ્યાં હતા. તાજેતરમાં આ મુદ્દે દિલ્હીમાં મોટી બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં સિદ્ધારમૈયા મુખ્યમંત્રીની ખુરશી છોડવા માટે રાજી થયા. પરંતુ તે પહેલા રાહુલ ગાંધીએ તેમની સાથે વાત કરી હતી. સૂત્રો પ્રમાણે કહેવામાં આવી રહ્યું છે કે સિદ્ધારમૈયાને મુખ્યમંત્રી પદ છોડવા માટે ઓફર આપવામાં આવી છે. તેમાંથી એક રાજ્યસભા સીટ અને તેમના પુત્રને નાયબ મુખ્યમંત્રી બનાવવાની વાત કહેવામાં આવી છે.

### CBSE OSM વિવાદમાં શિક્ષણ મંત્રીએ મૌન તોડ્યું

# ખામીઓને સુધારી લેવામાં આવશે અને તેનો યોગ્ય ઉકેલ શોધવામાં આવશે

## છેલ્લા કેટલાક દિવસોથી વિદ્યાર્થીઓ અને વાલીઓ સોશિયલ મીડિયાથી લઈને બોર્ડ સમક્ષ સતત ફરિયાદો કરી રહ્યા છે

નવી દિલ્હી, તા.૨૮

CBSEના ઓન-સ્ક્રીન માર્કિંગ(OSM) સિસ્ટમને લઈને દેશભરમાં મચેલા હોબાળા વચ્ચે કેન્દ્રીય શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાને આખરે આ મામલે મોટું નિવેદન આપ્યું છે. શિક્ષણ મંત્રીએ આ વિવાદ અને વિદ્યાર્થીઓને પડેલી હાલાકીની નૈતિક જવાબદારી સ્વીકારતા ખાતરી આપી છે કે, જો મૂલ્યાંકન પ્રક્રિયામાં કોઈ પણ પ્રકારની ગેરરીતિ સામે આવશે તો કોઈપણ દોષિતને છોડવામાં આવશે નહીં. દિલ્હીમાં CBSEના ઉચ્ચ અધિકારીઓ સાથે બેઠક કર્યા બાદ પત્રકારો સાથેની વાતચીતમાં ધર્મેન્દ્ર પ્રધાને જણાવ્યું કે, હું આ સમગ્ર બાબતની જવાબદારી લઉં છું. આ ખામીઓને સુધારી લેવામાં આવશે અને તેનો યોગ્ય ઉકેલ શોધવામાં આવશે. અમે બધા અત્યારે આ જ કામ પર લાગેલા છીએ.

છેલ્લા કેટલાક દિવસોથી હજારો વિદ્યાર્થીઓ અને વાલીઓ સોશિયલ મીડિયાથી લઈને બોર્ડ સમક્ષ સતત ફરિયાદો કરી રહ્યા છે. વિદ્યાર્થીઓનો આરોપ છે કે, ઉત્તરવહીઓની જે સ્કેન કોપી ઓનલાઈન મળી રહી છે તે અત્યંત ધૂંધળી અથવા અધૂરી છે. કેટલાક પ્રશ્નોના જવાબો તપાસ્યા વગરના જ છોડી દેવામાં આવ્યા છે અથવા માર્કિંગમાં મોટી ભૂલો થઈ છે. રી-ઈવેલ્યુએશન માટેની ઓનલાઈન પ્રોસેસ દરમિયાન પોર્ટલ ક્રેશ થવું, પેમેન્ટ ફેલ થવું અને મૂંઝવણભરી સ્થિતિ સર્જાવા જેવી ટેકનિકલ ખામીઓ સામે આવી છે.શિક્ષણ મંત્રીએ વિદ્યાર્થીઓના માનસિક તણાવને સ્વીકારવાની સાથે સાથે બોર્ડના આ ડિજિટલ મોડલનો બચાવ પણ કર્યો હતો. તેમણે આંકડા આપતાં કહ્યું કે, પરીક્ષા આપનારા ૧૭ લાખ વિદ્યાર્થીઓની અંદાજે ૯૮ લાખ ઉત્તરવહીઓ સુરક્ષિત રાખવામાં આવી છે. દરેક આન્સર બુકમાં આશરે ૪૦ પાના હોય છે, જે હિસાબે લગભગ ૪૦ કરોડ પેજ સ્કેન કરવામાં આવ્યા છે. તેમણે ´જીર સિસ્ટમને એક પ્રગતિશીલ અને પારદર્શક માધ્યમ ગણાવ્યું હતું, જે વૈશ્વિક સ્તરે પણ સ્વીકારાયેલું છે.

CBSEનો આ મુદ્દો હવે એક મોટો રાજકીય વિવાદ બની ચૂક્યો છે. લોકસભાના વિપક્ષી નેતા રાહુલ ગાંધીએ આ મામલે સરકારની ઉત્તરદાયિત્વ પર સવાલ ઉઠાવ્યા હતા. તેના જવાબમાં ધર્મેન્દ્ર પ્રધાને કહ્યું કે આ પ્રક્રિયા સરકારી ખરીદીના તમામ નિયમોનું પાલન કરીને જ કરવામાં આવી છે. તેમણે રાહુલ ગાંધી પર કટાક્ષ કરતાં જણાવ્યું કે તેઓ હંમેશા ડિજિટલ ઈન્ડિયા અને વૈજ્ઞાનિક પ્રગતિ સાથે જોડાયેલી વ્યવસ્થાઓનો વિરોધ કરે છે. પ્રધાને તમામ રાજકીય પક્ષોને અપીલ કરતાં કહ્યું કે, રાજનીતિ પછી પણ થઈ શકે છે. અત્યારે સૌથી મહત્ત્વની બાબત એ છે કે પરીક્ષા આપનારા વિદ્યાર્થીઓનો માનસિક તણાવ વધુ ન વધવો જોઈએ. નેતાઓએ એવા નિવેદનો આપવાથી બચવું જોઈએ જેનાથી માર્ક્સ વેરિફિકેશન અને રી-ઈવેલ્યુએશનની ચિંતામાં ડૂબેલા વિદ્યાર્થીઓનો ગભરાટ વધે. તંત્ર દ્વારા ડેમેજ કંટ્રોલના પ્રયાસોના ભાગરૂપે, ઝમ્જીઈ એ સ્કેન આન્સર શીટ મેળવવા માટે અરજી કરવાની છેલ્લી તારીખ લંબાવી દીધી છે અને જાહેર કર્યું છે કે વિષયના નિષ્ણાતો દ્વારા તમામ સાચી ફરિયાદોની ઝીણવટભરી સમીક્ષા કરવામાં આવશે.

### ૧૭ સિંહોને ક્વોરન્ટાઈન કરાયા

# ગીરના જંગલમાં ભેદી વાયરસથી ૭ સિંહના મોત

## ૮ સિંહોમાં ભેદી વાયરસના લક્ષણો જોવા મળ્યા હોવાનું જણાવાયું છે : હાલ વેટરનરી ડોક્ટરોની ટીમ કાર્યરકત

ગાંધીનગર, તા.૨૮

ગીર જંગલ વિસ્તારમાં છેલ્લા કેટલાક દિવસોમાં સિંહોના મોતની ઘટનાઓ વધતા વન વિભાગમાં ચિંતા વધી છે. અત્યાર સુધીમાં કુલ ૭ સિંહોના મોત નિપજ્યા હોવાનું સામે આવ્યું છે. સમગ્ર મામલે અરણ્ય ભવન ખાતે PCCF ડૉ. જયપાલસિંહે પ્રતિક્રિયા આપતા જણાવ્યું હતું કે મૃત સિંહોમાં ભેદી વાયરસના લક્ષણો સામે આવ્યા છે અને હાલ CDV (કેનાઈન ડિસ્ટેમ્પર વાયરસ) અંગે ચોક્કસ કહેવું મુશ્કેલ છે. તેના માટે સેમ્પલ લેવામાં આવ્યા છે અને અંદાજે એક સપ્તાહ બાદ રિપોર્ટ આવશે.

વન વિભાગે સાવચેતીના ભાગરૂપે હાલ ૧૭ સિંહોને ક્વોરન્ટાઈન કર્યા છે. જેમાંથી ૮ સિંહોમાં ભેદી વાયરસના લક્ષણો જોવા મળ્યા હોવાનું જણાવાયું છે. હાલ વેટરનરી ડોક્ટરોની ટીમ સંક્રમિત સિંહોની સારવારમાં દિવસ-રાત વ્યસ્ત છે. PCCF ડૉ. જયપાલસિંહના જણાવ્યા અનુસાર, ૧૨ ડોક્ટરોની વિશેષ ટીમ સતત સારવાર અને મોનીટરીંગ કરી રહી છે.

ગીર જંગલ વિસ્તારમાં આશરે ૧૦ કિલોમીટરની ત્રિજિયામાં ખાસ મોનીટરીંગ હાથ ધરાયું છે. સિંહો પહેલેથી કોઈ બીમારીથી પીડાઈ રહ્યા હતા કે નહીં તેની પણ તપાસ ચાલી રહી છે. સમગ્ર પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વન વિભાગે મોટી સંખ્યામાં માનવબળ ગીર વિસ્તારમાં તૈનાત કર્યું છે. હાલ આશરે ૨૫૦ જેટલા વન વિભાગના કર્મચારીઓ કામગીરીમાં જોડાયેલા છે, જ્યારે જામનગર, સુરત, રાજકોટ, કચ્છ અને જૂનાગઢમાંથી ૨૦થી વધુ અધિકારીઓ અને કર્મચારીઓને ગીર બોલાવવામાં આવ્યા છે. આમાં RFO, વનપાલ અને ફોરેસ્ટ સ્ટાફનો સમાવેશ થાય છે. ખાસ વાત એ છે કે આ કર્મચારીઓ અગાઉ ગીરના જંગલમાં ફરજ બજાવી ચૂક્યા હોવાથી પરિસ્થિતિને સારી રીતે સમજી શકે છે અને તેથી જ તેમને ફરી ગીર ખાતે તૈનાત કરવામાં આવ્યા છે.

ડૉ. જયપાલસિંહે વધુમાં જણાવ્યું હતું કે જામનગરની વનતારા ટીમ પણ વન વિભાગના સતત સંપર્કમાં છે. વનતારાની ડોક્ટર ટીમને સમગ્ર પરિસ્થિતિ અંગે માહિતી આપવામાં આવી છે. હાલ તેમની સીધી મદદ લેવામાં આવી નથી, પરંતુ જરૂર પડશે તો તેમની મદદ લેવામાં આવશે. વન વિભાગે હાલ પરિસ્થિતિ સંપૂર્ણ નિયંત્રણમાં હોવાનું જણાવ્યું છે અને ગીરના સિંહોના આરોગ્ય માટે દરેક જરૂરી પગલાં લેવામાં આવી રહ્યા હોવાનું સ્પષ્ટ કર્યું છે.બીજી તરફ સિંહોની સારવાર કરતા કરાર આધારિત વેટરનરી ડોક્ટર્સના સામૂહિક રાજીનામાની ચર્ચાએ પણ મામલો ગરમાવ્યો છે. મુખ્ય વન અધિકારીના જણાવ્યા અનુસાર ગુજરાત સ્ટેટ લાયન કન્ઝર્વેશન સોસાયટી હેઠળ કામ કરતા તમામ ૧૨ કરાર આધારિત વેટરનરી ડોક્ટર્સે એક મહિનાની નોટિસ સાથે રાજીનામા આપ્યા છે.

સૂત્રોના જણાવ્યા મુજબ, વર્ગ-૨ની કાયમી ભરતીમાં પ્રાધાન્ય ન મળતા તેમજ વાઈલ્ડલાઈફ ક્ષેત્રમાં કામ કરેલા તબીબોને વધારાના ગુણ આપવા અને પગાર વધારો કરવાની માંગને લઈને ડોક્ટરોમાં નારાજગી છે. હાલ વન વિભાગ અને કરાર આધારિત તબીબો વચ્ચે ચર્ચા ચાલી રહી છે અને ટૂંક સમયમાં કોઈ સુખદ ઉકેલ આવે તેવી આશા વ્યક્ત કરવામાં આવી રહી છે.

### શ્રદ્ધાળુઓમાં નાસભાગ

# મથુરામાં પરિક્રમા માર્ગ પર ફાયરિંગ, ચારને ગોળી વાગી

## સેવા કેમ્પમાં કેળા વહેંચવા બાબતે થયો હતો વિવાદ

મથુરા, તા.૨૮

ઉત્તર પ્રદેશના મથુરાના મહોલી ગામમાં ગુરુવારે એક ભયાનક ઘટના સામે આવી છે. અહીં જૂની અદાવતને કારણે બે પક્ષો વચ્ચે લોહિયાળ જંગ ખેલાયો હતો. વિવાદ એટલો બધો વધી ગયો હતો કે, બંને તરફથી જોરદાર ઈંટ-પથ્થરો ફેંકાયા અને જાહેરમાં ધડાધડ ગોળીબાર કરવામાં આવ્યો હતો. આ હુમલાને કારણે આસપાસના લોકો અને યાત્રાળુઓમાં ભારે ફફડાટ ફેલાઈ ગયો હતો. આ હિંસક ઝઘડામાં અડધા ડઝનથી વધુ લોકો ઘાયલ થયા છે, જેમાંથી કેટલાકને ગોળીઓ વાગી છે. ઘટનાની જાણ થતાં જ મોટી સંખ્યામાં પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી ગયો હતો.મળતી માહિતી મુજબ, ગામના ગુડ્ડી પ્રધાન અને ચંદ્રપાલ વચ્ચે અગાઉ છ મહિના પહેલા કોઈ બાબતે ઝઘડો થયો હતો. તે સમયે ગામના લોકોએ વચ્ચે પડીને મામલો શાંત પાડ્યો હતો, પણ અગાઉની અદાવતને ધ્યાને રાખીને બંને પક્ષો વચ્ચે બોલાચાલી થઈ હતી. ત્યારબાદ ગુરુવારે જ્યારે પરિક્રમા ચાલી રહી હતી, ત્યારે ચંદ્રપાલ પક્ષ તરફથી શ્રદ્ધાળુઓ માટે પાણીની પરબ અને સેવા કેમ્પ લગાવવામાં આવ્યો હતો. આ દરમિયાન ગુડ્ડી પ્રધાનના માણસો પણ ત્યાં કેળા અને અન્ય સામગ્રી વહેંચવા પહોંચી ગયા હતા. બસ, આ જ વાતને લઈને બંને પક્ષો આમને-સામને આવી ગયા અને વિવાદ શરૂ થઈ ગયો. જોતજોતામાં મામલો એટલો વધી ગયો કે બંને તરફથી અંધાધૂંધ ફાયરિંગ શરૂ થઈ ગયું.ઘટનાનો એક વીડિયો પણ સોશિયલ મીડિયા પર વાયરલ થયો છે, જેમાં લોકો ખુલ્લેઆમ હથિયારો લહેરાવતા અને ગોળીબાર કરતા જોઈ શકાય છે. આ ગોળીબારમાં ચંદ્રપાલ પક્ષના રવિના પગમાં અને સંજુના છાતીના ભાગે ગોળી વાગી છે. જ્યારે સામા પક્ષના હરિઓમના માથામાં અને સાવિત્રી નામના મહિલાના હાથમાં ગોળી વાગી છે. બધા ઘાયલોને તાત્કાલિક હોસ્પિટલ ભેગા કરવામાં આવ્યા હતા. તેમાંથી સંજુ અને હરિઓમની હાલત વધારે ગંભીર હોવાથી તેમને સિમ્સ હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે, જ્યારે અન્ય ઘાયલોની સારવાર જિલ્લા હોસ્પિટલમાં ચાલી રહી છે.ઘટનાની ગંભીરતાને જોતાં જ એસપી સિટી રાજીવ કુમાર અને અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ પોલીસ ફોર્સ સાથે ગામમાં પહોંચી ગયા હતા અને પરિસ્થિતિ પર કાબૂ મેળવ્યો હતો. ગામમાં કોઈ વધુ હોબાળો ના થાય તે માટે વધારાની પોલીસ તૈનાત કરી દેવામાં આવી છે.

પોલીસ અધિકારીઓએ જણાવ્યું કે સોશિયલ મીડિયા પર વાયરલ થયેલા વીડિયો અને પુરાવાઓના આધારે આરોપીઓની ઓળખ કરીને તેમની સામે કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

### અભિનેત્રી અને મોડેલ ટ્વિશા શર્માનો મોતનો મામલો

# હાઇકોર્ટે પૂર્વ જજ ગિરીબાલા સિંહના આગોતરા જામીન રદ કર્યા

## CBIએ આક્ષેપ કર્યો છે કે પૂર્વ જજે 33 વર્ષની ટ્વિશાની છબી ખરડાવવા માટે કોઈ કસર બાકી રાખી ન હતી

ભોપાલ, તા.૨૮

મધ્ય પ્રદેશના હાઈકોર્ટમાં અભિનેત્રી અને મોડેલ ટ્વિશા શર્માના રહસ્યમય મોત મામલે એક મોટો વળાંક આવ્યો છે. આ કેસની તપાસ કરી રહેલી સેન્ટ્રલ બ્યુરો ઓફ ઈન્વેસ્ટિગેશન (CBI)એ હાઈકોર્ટમાં પૂર્વ જજ ગિરીબાલા સિંહની આગોતરા જામીન અરજીનો સખત વિરોધ કર્યો હતો. CBIએ આક્ષેપ કર્યો છે કે પૂર્વ જજે ૩૩ વર્ષની ટ્વિશાની છબી ખરડાવવા માટે કોઈ કસર બાકી રાખી ન હતી, તેથી સત્ય બહાર લાવવા માટે તેમની કસ્ટડીમાં પૂછપરછ કરવી ખૂબ જ જરૂરી છે.CBI અને ટ્વિશાના પરિવારની દલીલો સાંભળ્યા બાદ મધ્ય પ્રદેશ હાઈકોર્ટના વેકેશન જજ દેવનરાયણ મિશ્રાએ એક મોટો ચુકાદો આપ્યો છે. કોર્ટે ભોપાલની સેશન્સ કોર્ટ દ્વારા ગત ૧૫ મેના રોજ પૂર્વ જજ ગિરીબાલા સિંહને અપાયેલા આગોતરા જામીન સદંતર રદ કરી દીધા છે. હાઈકોર્ટના આ નિર્ણયને આવકારતા ટ્વિશાના પરિવારના સિનિયર એડવોકેટ અનુરાગ શ્રીવાસ્તવે જણાવ્યું કે, છેવટે ટ્વિશાને ન્યાય મળ્યો છે. ગિરીબાલા સિંહે ન્યાયતંત્રમાં ૩૬ વર્ષ સુધી સેવા આપી છે, તેથી તેમણે હવે ગરિમાપૂર્વક CBI સમક્ષ આત્મસમર્પણ કરી દેવું જોઈએ અને તપાસમાં પૂરો સહકાર આપવો જોઈએ. CBIએ હાઈકોર્ટ સમક્ષ પોસ્ટમોર્ટમ રિપોર્ટ રજૂ કરતા જણાવ્યું કે, ટ્વિશાના કાંડા અને કોણી પર ઈજાના ગંભીર નિશાનો હતા. મેડિકલ રિપોર્ટમાં પણ સ્પષ્ટ થયું છે કે, ફાંસો ખાધા બાદ મૃતદેહને નીચે ઉતારતી વખતે આ પ્રકારની ઈજાઓ થઈ જ ન શકે. આ ઈજાઓ આખરે કેવી રીતે થઈ, તેનો ટ્વિશાના સાસરીયાઓ પાસે કોઈ જવાબ નથી. આ સાથે જ તપાસ એજન્સીએ પૂર્વ જજ ગિરીબાલા સિંહ પર દહેજ માટે ત્રાસ આપવા, કેસના પુરાવાઓ સાથે છેડછાડ કરવા અને ટ્વિશાનો બળજબરીથી ગર્ભપાત કરાવવાના ગંભીર આરોપો પણ લગાવ્યા છે.તપાસ દરમિયાન રિકવર કરવામાં આવેલી વૉટ્સએપ ચેટ્સ પરથી એક ચોંકાવનારો ખુલાસો થયો છે. CBIના જણાવ્યા અનુસાર, જ્યારે ટ્વિશા ગર્ભવતી બની ત્યારે તેના પતિ સમર્થ સિંહ અને સાસુ ગિરીબાલા સિંહે તેના ચારિત્ર્ય પર શંકા કરી હતી. બાળક અન્ય કોઈ વ્યક્તિનું હોવાના ગંભીર આક્ષેપો કરીને ટ્વિશાને બળજબરીથી ગર્ભપાત કરાવવાની ફરજ પાડવામાં આવી હતી. આ ઉપરાંત, સાક્ષીઓના નિવેદનો પરથી સાબિત થયું છે કે લગ્નમાં અપાયેલું દહેજ તેમના સ્ટાન્ડર્ડ મુજબનું ન હોવાનું કહીને અવારનવાર વધુ દહેજની માંગણી કરવામાં આવતી હતી.

કેન્દ્રીય એજન્સીએ પૂર્વ જજ ગિરીબાલા સિંહ પર કેસની તપાસને ભટકાવવાનો અને પુરાવા સાથે છેડછાડ કરવાનો પણ આરોપ લગાવ્યો છે.

CBIના મતે, ગિરીબાલા સિંહે સોશિયલ મીડિયા પર એક અધૂરી અને સિલેક્ટિવ વીડિયો ક્લિપ વાઈરલ કરી હતી, જેથી સમાજમાં અને કોર્ટમાં કેસ અંગે એક ખોટો નેરેટિવ ઊભો કરી શકાય અને પોતાના બચાવ માટે માહોલ બનાવી શકાય.

### ૨૯ થી ૩૧ મે દરમિયાન ઘણા રાજ્યોમાં તાપમાન ઘટશે

# ઘણા રાજ્યોમાં તાપમાનમાં ૬ થી ૮ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે

## દિલ્હી-એનસીઆર, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં વરસાદની વકી

નવી દિલ્હી, તા.૨૮

દેશના ઉત્તર અને ઉત્તરપશ્ચિમ ભાગોમાં હાલમાં કાળઝાળ ગરમી પડી રહી છે. જોકે, હવે રાહતના સમાચાર સામે આવ્યા છે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ જાહેરાત કરી છે કે આજથી હવામાનમાં પલટો આવશે. જેમાં તાપમાનમાં નોંધપાત્ર ઘટાડો થશે સાથે વરસાદ અને વાવાઝોડાની પણ શક્યતા છે. વરસાદને કારણે હવે તીવ્ર ગરમી ઓછી થઈ શકે છે. દેશમાં ઘણી જગ્યાએ તાપમાન ૪૫ થી ૪૮ ડિગ્રી સેલ્સિયસ સુધી પહોંચી ગયું હતું. આ વખતે પણ, દિલ્હી, રાજસ્થાન, પંજાબ, હરિયાણા, ઉત્તર પ્રદેશ અને મધ્યપ્રદેશ જેવા રાજ્યોમાં તીવ્ર ગરમીનો અનુભવ થયો.ભારતીય હવામાન વિભાગે પશ્ચિમી વિક્ષેપ સક્રિય થવાને કારણે ઉત્તર ભારતમાં વરસાદ, વાવાઝોડા અને જોરદાર પવનોની અપેક્ષા છે. ૨૯ થી ૩૧ મે દરમિયાન ઘણા રાજ્યોમાં તાપમાનમાં ૬ થી ૮ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થઈ શકે છે. દિલ્હી-એનસીઆર, પંજાબ, હરિયાણા, રાજસ્થાન, પશ્ચિમ ઉત્તર પ્રદેશ અને ઉત્તરાખંડમાં ૫૦-૬૦ કિમી/કલાકની ઝડપે પવન સાથે હળવોથી મધ્યમ વરસાદ થવાની સંભાવના છે. કેટલાક વિસ્તારોમાં વાવાઝોડા અને કરા પડવાની પણ શક્યતા છે.

દિલ્હી-એનસીઆરઃ ૨૯ મે દરમિયાન વરસાદની સંભાવના છે. મહત્તમ તાપમાન ૪૩-૪૪ ડિગ્રી સેલ્સિયસથી ઘટીને ૩૬-૩૮ ડિગ્રી સેલ્સિયસ થઈ શકે છે.

પંજાબ-હરિયાણાઃ ભારે વરસાદ અને વાવાઝોડાની સંભાવના છે, તાપમાનમાં ૭-૮ ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની સંભાવના છે. અહીં લોકોને કાળઝાળ ગરમીથી રાહત મળી શકે છે.

રાજસ્થાનઃ પશ્ચિમ રાજસ્થાનમાં ધૂળના તોફાન સાથે વરસાદની શક્યતા વ્યક્ત કરાઈ છે.ઉત્તર પ્રદેશઃ પશ્ચિમ અને પૂર્વીય ભાગોમાં વાવાઝોડા સાથે વરસાદ.મધ્ય પ્રદેશ-છત્તીસગઢઃ કેટલાક વિસ્તારોમાં ગરમીનું મોજું ચાલુ રહેશે, પરંતુ વરસાદની પણ શક્યતા છે. વરસાદના કારણે તાપમાનમાં ઘટાડો થશે.

દક્ષિણ પશ્ચિમ ચોમાસુ પણ ધીમે ધીમે આગળ વધી રહ્યું છે. કેરળ, તમિલનાડુ, કર્ણાટક અને ઉત્તરપૂર્વીય રાજ્યોમાં પહેલેથી જ સારો વરસાદ પડી રહ્યો છે. એવી અપેક્ષા છે કે જૂનના પહેલા અઠવાડિયા સુધીમાં ચોમાસુ ઉત્તર ભારતમાં પહોંચી જશે, જેનાથી ગરમીમાં સંપૂર્ણ રાહત થશે. હવામાન નિષ્ણાતોના મતે, આ વર્ષે માર્ચ અને એપ્રિલ દરમિયાન તાપમાન ઊંચું રહ્યું હતું. જોકે, પશ્ચિમી વિક્ષેપ સમયસર સક્રિય થઈ રહ્યો છે, જે ગરમીથી રાહત મેળવવાની સારી તક આપે છે. જોકે, વરસાદ પછી થોડા દિવસો સુધી ભેજ વધી શકે છે.

### ટ્રમ્પ-હું શાંતિ પ્રસ્તાવથી સંતુષ્ટ નથી

# સીઝફાયરનો ભંગ? અમેરિકાનો ૩ દિવસમાં બીજી વખત ઈરાન પર હુમલો

## ઈરાની મીડિયા અહેવાલો મુજબ, રાત્રે ૧.૩૦ વાગ્યે વિસ્ફોટો થયા હતા, જેના કારણે ત્યાંની એર ડિફેન્સ સિસ્ટમ એક્ટિવ કરવી પડી હતી

તહેરાન, તા.૨૮

પશ્ચિમ એશિયામાં ફરી એકવાર તણાવ ચરમસીમાએ છે. માત્ર ૩ દિવસના ગાળામાં અમેરિકાએ બીજીવાર ઈરાન પર હુમલા કર્યા છે. આ વખતે અમેરિકાની સેનાએ દક્ષિણ ઈરાનના બંદર અબ્બાસમાં એક ગ્રાઉન્ડ કંટ્રોલ સ્ટેશનને નિશાન બનાવ્યું છે. આ સ્ટેશન પરથી ડ્રોન ઉડાડવાની તૈયારીઓ ચાલી રહી હતી, જેને અમેરિકાની સેનાએ તોડી પાડ્યા હતા. અમેરિકાના અધિકારીઓના જણાવ્યા મુજબ, આ કાર્યવાહી સંપૂર્ણપણે 'આત્મરક્ષા' માટે કરવામાં આવી છે. તેનો હેતુ હોર્મુઝની સામુદ્રધુનીમાંથી પસાર થતા જહાજોની સુરક્ષા કરવાનો છે. જોકે, ઈરાન તેને 'સીઝફાયરનું ઉલ્લંઘન' ગણાવી રહ્યું છે. આ હુમલાઓને કારણે પહેલાથી જ અનિશ્ચિત એવી શાંતિ વાર્તા પર ફરી એકવાર સવાલો ઉભા થયા છે.હુમલાના લક્ષ્યો: અમેરિકાએ ઈરાનના મિસાઈલ લોન્ચ સાઈટ્સ અને ડ્રોન કંટ્રોલ સ્ટેશન્સને નિશાન બનાવ્યા છે.ડ્રોનનો ખાતમો: અમેરિકાની સેનાએ કુલ ૪ આત્મઘાતી ડ્રોન તોડી પાડ્યા છે, જે દરિયાઈ માર્ગ માટે ખતરો હતા.બંદર અબ્બાસની સ્થિતિ: ઈરાની મીડિયા અહેવાલો મુજબ, રાત્રે ૧.૩૦ વાગ્યે વિસ્ફોટો થયા હતા, જેના કારણે ત્યાંની એર ડિફેન્સ સિસ્ટમ એક્ટિવ કરવી પડી હતી.અમેરિકાના પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે આ સ્થિતિ પર સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે કે, હું ઈરાન સાથેના હાલની ડીલના ડ્રાફ્ટથી સંતુષ્ટ નથી. કાં તો કામ પૂરું કરવું પડશે, અથવા તો અમે ફરીથી હુમલા ચાલુ રાખીશું. ઈરાન સંધિ કરવા માટે આતુર દેખાય છે, પરંતુ જ્યાં સુધી પરિણામ નહીં મળે, ત્યાં સુધી લશ્કરી દબાણ ચાલુ રહેશે.

### ગુજરાતમાં જળસંકટનો ભય

# ૨૦૭માંથી ૧૪૭ ડેમ અડધા ખાલી, ચોમાસું લાંબુ ખેંચાશે તો શું થશે?

## આ વર્ષે બંગાળની ખાડી અને આંદામાન દરિયામાં ચોમાસાની ગતિની શરૂઆત ખૂબ જ ધીમી રહેતા ચોમાસું અનિશ્ચિત બન્યું છે

ગાંધીનગર, તા.૨૮

ગુજરાતમાં ઉનાળાની સીઝન પૂર્ણ થવાના આરે છે, ત્યારે રાજ્ય પર પાણીનું મોટું સંકટ તોળાઈ રહ્યું છે. હવામાન વિભાગ અનુસાર ગુજરાતમાં ચોમાસાના આગમનની તારીખ 15મી જૂન છે અને ગત વર્ષે 16મી જૂને મેઘરાજા પધાર્યા હતા. જોકે, આ વર્ષે બંગાળની ખાડી અને આંદામાન દરિયામાં ચોમાસાની ગતિની શરૂઆત ખૂબ જ ધીમી રહેતા ચોમાસું અનિશ્ચિત બન્યું છે. જો ચોમાસું વધુ ખેંચાય અને જુલાઈ મહિનામાં જળાશયોમાં ધોધમાર પાણીની આવક શરૂ ન થાય, તો રાજ્યમાં ગંભીર જળસંકટ ઊભું થઈ શકે છે.રાજ્યના જળસંગ્રહના આંકડાઓ અત્યંત ચિંતાજનક ચિત્ર રજૂ કરી રહ્યા છે. ગુજરાતના કુલ 207 ડેમોમાંથી 147 ડેમો અત્યારે અડધા કે તેથી વધુ ખાલી થઈ ચૂક્યા છે. માત્ર 12 ડેમો જ એવા છે જ્યાં 70%થી વધુ જળસંગ્રહ ઉપલબ્ધ છે. ઉનાળાના બે માસ દરમિયાન આ ડેમોમાંથી 18.46 ટકા પાણીનો વપરાશ થયો છે. પાણીની તંગીની સૌથી મોટી અસર સૌરાષ્ટ્ર અને કચ્છ પ્રદેશમાં જોવા મળી રહી છે. સૌરાષ્ટ્રના 141 ડેમોમાં હવે માત્ર 34.91% એટલે કે 31,915 MCFT પાણી જ બચ્યું છે. ઉનાળાના બે મહિનામાં આ ડેમોમાંથી 18.46% પાણી વપરાઈ ગયું છે. સૌરાષ્ટ્રના 10 ડેમો તો અત્યારથી જ સંપૂર્ણ સુકાઈને મેદાન બની ગયા છે, એટલે કે ત્યાં 0% પાણી છે. કચ્છના 20 ડેમોમાં ગત 27મી માર્ચે જ વોટર સ્ટોરેજ 40%થી નીચે સરકી ગયો હતો અને આ ટૂંકા ગાળામાં વધુ 8% પાણી ઘટ્યું છે. આજે કચ્છના તમામ ડેમોમાં થઈને માત્ર 32.40% જળસંગ્રહ બાકી છે.એકંદરે જોઈએ તો, સૌરાષ્ટ્ર અને કચ્છના કુલ 161 ડેમો હાલમાં 65%થી વધુ ખાલી થઈ ગયા છે, જેને કારણે આ વિસ્તારોમાં નર્મદાના નીર પરની નિર્ભરતા ખૂબ વધી ગઈ છે.સ્થાનિક ડેમોની સાથે રાજ્યની જીવાદોરી સમાન નર્મદા ડેમમાં પણ પાણી ઝડપથી ઘટી રહ્યું છે. આજથી બે મહિના પહેલા નર્મદા ડેમ સહિત રાજ્યનો કુલ જળસંગ્રહ 6.02 લાખ MCFT હતો, જે તેની કુલ ક્ષમતાના 67.47% જેટલો થતો હતો. આ સ્ટોરેજ આજે 13.16% જેટલો ઘટીને માત્ર 54.31% પર આવી ગયો છે. જો જૂન મહિનાના મધ્ય સુધીમાં વરસાદી માહોલ નહીં જામશે, તો આગામી દિવસોમાં પીવાના અને સિંચાઈના પાણી માટે હાહાકાર મચી શકે છે. વન વિભાગ અને જળસંપત્તિ વિભાગ હાલ સમગ્ર સ્થિતિ પર ચાંપતી નજર રાખી રહ્યા છે.

### ગભરાટમાં ખરીદી ના કરો: સરકાર

# દેશમાં પેટ્રોલ, ડીઝલ અને LPGનો પૂરતો પુરવઠો

## છેલ્લા ચાર દિવસમાં ૧.૬૬ કરોડ LPG સિલિન્ડરના બુકિંગ સામે ૧.૭૨ કરોડ સિલિન્ડરની ડીલિવરી કરવામાં આવી

નવી દિલ્હી, તા.૨૮

નાગરિકોને ગભરાટમાં આવી પેટ્રોલ-ડીઝલ અને LPGની ખરીદી માટે દોડા-દોડી નહીં કરવાની સલાહ આપતા સંરક્ષણ મંત્રી રાજનાથસિંહે જણાવ્યું હતું કે, દેશમાં પુરવઠાની સ્થિતિ સામાન્ય છે અને તમામ આવશ્યક વસ્તુની પ્રાપ્યતા સુનિશ્ચિત કરવા સરકાર દરેક પગલાં ભરી રહી છે. પશ્ચિમ એશિયામાં તણાવ સંદર્ભે સ્થિતિની સમીક્ષા કરવા માયે યોજાયેલી છઠ્ઠી ઈનફોર્મલ ગ્રૂપ ઓફ મિનિસ્ટર્સની બેઠક બાદ રાજનાથસિંહે કપરા સમયમાં દૂરંદેશી અને સરાહનીય નેતૃત્વ બદલ વડાપ્રધાન નરેન્દ્ર મોદીનો આભાર માન્યો હતો. દરમિયાન સરકારે LPG (રેગ્યુલેશન ઓફ સપ્લાય એન્ડ ડિસ્ટ્રિબ્યુશન) એમેન્ડમેન્ટ ઓર્ડર, 2026માં મોડિફિકેશન કર્યું છે, જેનો હેતુ LPGમાંથી પીએનજી કનેક્શન લેનારા ગ્રાહકોને વધુ રાહત અને અનુકૂળતા આપવાનો છે. સુધારાની જોગવાઈમાં પીએનજી કનેક્શન લેનારા LPG વપરાશકારો કનેક્શન લીધાના 30 દિવસમાં LPG કનેક્શન રદ કરવાની અરજી આપી શકે છે. પીએનજી કનેક્શન ન હોય તેવી જગ્યાએ ભવિષ્યમાં જવાનું થાય તો તેઓ અગાઉના એલપીજી કનેક્શનને પૂર્વવત કરવા માટે ટ્રાન્સફર વાઉચર પણ મેળવી શકશે. માર્ચ મહિનાથી માંડીને અત્યાર સુધીમાં 7.99 લાખ પીએનજી કનેક્શન આપવામાં આવ્યા છે અને વધુ 2.87 લાખ કનેક્શન માટે સુવિધા ઈભી કરાઈ છે. છેલ્લા ચાર દિવસમાં 1.66 કરોડ LPG સિલિન્ડરના બુકિંગ સામે 1.72 કરોડ સિલિન્ડરની ડીલિવરી કરવામાં આવી છે.

### મધ્યમવર્ગીય લોકો પર આર્થિક બોજ

# પેટ્રોલ-ડીઝલના સતત વધતાં ભાવથી લોકો ત્રાહિમામ થયા

## પેટ્રોલ અને ડીઝલના ભાવના કારણે સામાન્ય જનતા, ખેડૂતો અને વેપારીઓની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે

અમરેલી,તા.૨૮

અમરેલી જિલ્લામાં સતત વધી રહેલા પેટ્રોલ અને ડીઝલના ભાવના કારણે સામાન્ય જનતા, ખેડૂતો અને વેપારીઓની મુશ્કેલીઓમાં ભારે વધારો થયો છે. રોજગાર અને નોકરી અર્થે મોટરસાયકલ કે અન્ય વાહનો દ્વારા રોજિંદુ અપડાઉન કરતાં નોકરિયાત વર્ગ અને ધંધાર્થીઓ આ કમરતોડ ભાવવધારાથી અત્યંત પરેશાન થઈ ગયા છે. મોંઘવારીના આ માર વચ્ચે લોકો આર્થિક સંકટનો સામનો કરી રહ્યા છે, જેને પગલે સ્થાનિક લોકોમાં સરકાર પ્રત્યે ભારે નારાજગી જોવા મળી રહી છે અને ભાવવધારો સત્વરે પાછો ખેંચવામાં આવે તેવી ઉગ્ર માંગ ઉઠી છે.અમરેલી જિલ્લામાં ઈંધણના ભાવમાં થઈ રહેલા સતત વધારાએ લોકોનું બજેટ ખોરવી નાખ્યું છે. દરરોજ પોતાના મોટરસાયકલ કે સાધનો લઈને ધંધા-રોજગાર કે નોકરી પર જતાં મધ્યમવર્ગીય લોકો માટે હવે વાહન ચલાવવું પણ એક મોટો આર્થિક બોજ બની ગયું છે. ખાસ કરીને ગ્રામ્ય વિસ્તારોમાંથી શહેરોમાં અપડાઉન કરતાં નોકરિયાતો અને ખેડૂતો આ સ્થિતિથી સૌથી વધુ પ્રભાવિત થયા છે. એક તરફ ખેતીના ખર્ચ વધી રહ્યા છે, તો બીજી તરફ ધંધા-રોજગારમાં આવક મર્યાદિત બની છે, તેવામાં પેટ્રોલ-ડીઝલના આસમાને આંબતા ભાવે પડતા પર પાટુ જેવી સ્થિતિ સર્જી છે. આ મોંઘવારીથી ત્રસ્ત બનેલા વાહનચાલકો અને જનતામાં ભારે રોષ જોવા મળી રહ્યો છે, અને લોકો એક જ સૂરમાં સરકાર પાસે માંગ કરી રહ્યા છે કે સામાન્ય માણસના હિતમાં આ ભાવ વધારા પર લગામ કસવામાં આવે.

પેટ્રોલ ભરાવવા આવેલા એક ગ્રાહકે કહ્યું કે,-'અહીં મોટી સમસ્યા ઊભી થઈ છે. પેટ્રોલ ડીઝલમાં સતત ભાવ વધારાને કારણે ઓછા પગારની નોકરી છે એટલે ખર્ચો વધી ગયો છે. સરકારને ગ્રાહકે અપીલ કરી કે સતત વધતાં ભાવ પર કંટ્રોલ રાખવામાં આવે.' તો બીજા એક ગ્રાહકે કહ્યું કે,-'ધંધા રોજગાર માટે મારે રોજ લાઠી આવવું પડે છે. તો રોજે રોજ પેટ્રોલના ભાવ સતત વધી રહ્યા છે તો તેથી સરકારને રજૂઆત છે કે વહેલી તકે ભાવ કંટ્રોલમાં લાવવામાં આવે. રોજ મુશ્કેલીઓ વધતી જાય છે. ધંધા રોજગાર માટે વાહનમાં જવું ફરજિયાત થઈ ગયું છે તેથી સરકાર ઈંધણમાં ભાવ વધારાની તકલીફનો ઉપાય લાવે.'

### ઈંધણની અછત વચ્ચે ગુજરાત સરકારનો માસ્ટરપ્લાન

# સચિવાલયમાં ૫ દિવસનું સપ્તાહ, શનિ-રવિ ઘેર બેસીને 'કરકસર'!

## ચર્ચા મુજબ અઠવાડિયાના ૫ દિવસ દરમિયાન કર્મચારીઓના કામના દૈનિક કલાકો વધારી દેવામાં આવશે

ગાંધીનગર, તા.૨૮

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની પેટ્રોલ-ડીઝલનો કરકસરયુક્ત ઉપયોગની અપીલને પગલે હવે ગુજરાત સરકારે ગાંધીનગર સચિવાલયથી જ ઈંધણ બચાવવાના અભિયાનની શરૂઆત કરવા માટે ચક્રો ગતિમાન કર્યા છે. સરકાર હવે સચિવાલયના કર્મચારીઓ માટે પાંચ દિવસનું સપ્તાહ (5-Day Week) અમલી કરવાની ગંભીર વિચારણા કરી રહી છે.રાજ્ય સરકાર સચિવાલયના કર્મચારીઓને સામેથી શનિ અને રવિ એમ બે દિવસની રજા આપવાની ઉદારતા દાખવવા જઈ રહી છે. જો કે, આ રજા મફતમાં નહીં મળે! તાજેતરમાં મળેલી એક ઉચ્ચ સ્તરીય બેઠકમાં થયેલી ચર્ચા મુજબ અઠવાડિયાના ૫ દિવસ દરમિયાન કર્મચારીઓના કામના દૈનિક કલાકો વધારી દેવામાં આવશે. રોજિંદા કામના કલાકો વધારીને શનિવારની રજા સરભર કરવામાં આવશે, જેથી સરકારી કામકાજ અથવા વહીવટી પ્રક્રિયાને કોઈ નુકસાન ન પહોંચે. જો હજારો સરકારી બાબુઓ અને કર્મચારીઓ શનિવારે ઓફિસે નહીં આવે, તો સચિવાલયની સરકારી ગાડીઓનું બળતણ બચશે અને કર્મચારીઓના અંગત વાહનોનું પેટ્રોલ-ડીઝલ પણ બચાવી શકાશે.

સામાન્ય રીતે જ્યારે દેશ કે રાજ્યમાં આવી કોઈ ઈંધણની કટોકટી ઊભી થાય, ત્યારે આધુનિક અર્થવ્યવસ્થામાં વૈકલ્પિક ઈંધણ (જેમ કે ઈલેક્ટ્રિક વાહનો) કે પબ્લિક ટ્રાન્સપોર્ટની મજબૂત વ્યવસ્થાઓ ગોઠવવાની હોય છે. પરંતુ, ગાંધીનગર સચિવાલયે આ બધાથી અલગ અને સીધો જ 'વર્ક ફ્રોમ હોમ' અથવા શનિ-રવિ ઘેર બેસી રહેવાનો અનોખો નુસખો શોધી કાઢ્યો છે.સામાન્ય જનતા પેટ્રોલ માટે લાઈનોમાં પરસેવો પાડી રહી છે, ત્યારે સરકારના આ નિર્ણયથી સામાન્ય જનતાને ઈંધણની કટોકટીમાંથી કેટલી રાહત મળશે? આ તો સમય જ બતાવશે. પરંતુ હા, સચિવાલયના બાબુઓ માટે શનિવારની આ નવી રજા ચોક્કસપણે કોઈ લોટરી લાગવા જેવો ઘાટ જરૂર ઘડી રહી છે. હવે જોવાનું એ રહેશે કે સરકાર આ પ્રસ્તાવ પર ક્યારે સત્તાવાર મહોર મારે છે અને તેનાથી વાસ્તવિકતામાં કેટલા લીટર પેટ્રોલ-ડીઝલની બચત થાય છે!

### કોટડાપીઠા, મોટા દેવળીયા અને કરિયાણાનાં સદસ્ય વચ્ચે

# અમરેલી જિલ્લા પંચાયતની વિવિધ સમિતિમાં કોને ચેરમેન પદ મળશે તેને લઈને અટકળો શરૂ

## પૂર્વ ચેરમેન કોઠીવાલ પરિવારને મહત્વનું પદ મળે તેવી ચર્ચા

બાબરા, તા. ૨૮

બાબરા તાલુકાની રાજનીતિમાં ફરી એકવાર સત્તાના સમીકરણોને લઈને ગરમાવો જોવા મળી રહ્યો છે. તાલુકાની ત્રણ જિલ્લા પંચાયત સીટોમાંથી કોટડાપીઠા સીટને ભાજપ દ્વારા તાલુકા પંચાયત પ્રમુખ પદનો તાજ પહેરાવવામાં આવ્યા બાદ હવે બાકી રહેલી મોટા દેવળીયા અને કરીયાણા સીટ પર પક્ષ શું રાજકીય માસ્ટરસ્ટ્રોક રમશે તેને લઈને કાર્યકર્તાઓ અને રાજકીય વર્તુળોમાં ભારે ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે.

બાબરા તાલુકામાં કોટડાપીઠા, મોટા દેવળીયા અને કરીયાણા એમ કુલ ત્રણ જિલ્લા પંચાયત સીટો આવેલી છે. ભાજપ દ્વારા કોટડાપીઠા સીટને મહત્વપૂર્ણ પ્રમુખ પદ આપતા હવે આગામી દિવસોમાં જિલ્લા પંચાયતની વિવિધ સમિતિઓના ગઠન દરમિયાન બાકીની બે સીટને પણ "પાવરફુલ" ચેરમેન પદ દ્વારા રાજકીય ન્યાય આપવામાં આવશે કે કેમ તે મુદ્દે ગામડાં સુધી રાજકીય ચર્ચાઓ ગરમાઈ છે.

સ્થાનિક રાજકીય જાણકારોના મતે ભાજપ હંમેશા સામાજિક અને રાજકીય સમીકરણોને ધ્યાનમાં રાખી નિર્ણયો લેતો આવ્યો છે. કોટડાપીઠા સીટમાં લેઉવા પટેલ સમાજને તાલુકા પંચાયત પ્રમુખ પદ મળ્યા બાદ હવે મોટા દેવળીયા અને કરીયાણા સીટ તરફ કાર્યકર્તાઓની નજર મંડાઈ છે.

મોટા દેવળીયા સીટ પરથી ભાજપના સિનિયર અને પ્રભાવશાળી અગ્રણી પ્રભાતભાઈ કોઠીવાળ વિજેતા બની આવ્યા છે. તેઓ અગાઉ જિલ્લા પંચાયતની શિક્ષણ સમિતિના ચેરમેન તરીકે અસરકારક કામગીરી કરી ચૂકયા હોવાથી ફરી એકવાર મહત્વપૂર્ણ જવાબદારી માટે તેમનું નામ રાજકીય ગલિયારાઓમાં ચર્ચાનું કેન્દ્ર બન્યું છે.

બીજી તરફ કરીયાણા સીટ પરથી કોળી સમાજના યુવા અને ભાજપ તાલુકા પ્રમુખ અમરશી વાઘેલાએ પ્રથમ વખત ભવ્ય જીત નોંધાવી છે. યુવા નેતૃત્વ, સંગઠન પર મજબૂત પકડ અને સામાજિક સમીકરણોને ધ્યાનમાં રાખતા તેમને પણ જિલ્લા પંચાયતની કોઈ મહત્વપૂર્ણ સમિતિમાં સ્થાન મળે તેવી માંગ સ્થાનિક કાર્યકર્તાઓમાં જોર પકડી રહી છે.

હવે સૌની નજર જિલ્લા પંચાયતની આગામી સમિતિ રચનાની જાહેરાત પર ટકેલી છે. ભાજપ દ્વારા અનુભવને પ્રાધાન્ય અપાશે કે યુવા ચહેરાને તક મળશે ? કે પછી બંને સીટને અલગ અલગ રીતે રાજકીય સંતુલન સાથે ન્યાય આપવામાં આવશે ? તે મુદ્દે બાબરા તાલુકાની રાજનીતિમાં અનેક અટકળો અને ચર્ચાઓનો માહોલ જામ્યો છે.

### ૨૬૭ વેપારીઓના નાણાં ફસાયા

# અમદાવાદના ઓશિયા મોલ પર ૨૫૦ કરોડની છેતરપિંડીના આક્ષેપ

અમદાવાદ,તા.૨૮

અમદાવાદમાં આવેલા ઓશિયા મોલના માલિકો સામે કરોડો રૂપિયાની છેતરપિંડીના ગંભીર આક્ષેપો સામે આવ્યા છે. મોલના માલિક ધીરેન્દ્ર ચોપરા ઉર્ફે ધીરજ ચોપડા અને તેમની પત્ની કવિતા ચોપરાએ વેપારીઓ પાસેથી ઉધારમાં માલ લઈને આશરે ૨૫૦ કરોડથી વધુની રકમ ચૂકવ્યા વગર ફરાર થઈ ગયાનો આરોપ લાગ્યો છે.આ મામલે છેલ્લા ઘણા મહિનાથી પેમેન્ટ ન મળતાં અને આપેલા ચેકો બેંકમાં બાઉન્સ થતાં આખરે ૨૬૭ જેટલા વેપારીઓએ પોલીસ અને સંબંધિત તંત્ર સમક્ષ ફરિયાદ નોંધાવી છે. વેપારીઓ હવે પોતાના ફસાયેલા નાણાં પરત મેળવવા સરકાર અને પ્રશાસન પાસે ન્યાયની માંગ કરી રહ્યા છે.મળતી માહિતી મુજબ, ઓશિયા મોલમાં વિવિધ પ્રોડક્ટ્સ સપ્લાય કરતા વેપારીઓ લાંબા સમયથી નિયમિત રીતે માલ આપતા હતા. જોકે, છેલ્લા ૮ મહિનાથી મોલ તરફથી પેમેન્ટ આપવામાં આવતું ન હતું. વેપારીઓએ માલિકોનો સંપર્ક કરતા તેમને થોડા સમયમાં તમામ ચુકવણી કરી દેવાની ખાતરી આપવામાં આવી હતી.ખાતરીના ભાગરૂપે વેપારીઓને એડવાન્સ ચેક પણ આપવામાં આવ્યા હતા. પરંતુ લાંબા સમય સુધી નાણાં ન મળતાં વેપારીઓએ ચેક બેંકમાં જમા કરાવતાં એક પછી એક તમામ ચેક બાઉન્સ થયા હતા. જેના કારણે સમગ્ર છેતરપિંડીનો ભાંડો ફૂટ્યો હતો.વેપારીઓનો આક્ષેપ છે કે, છેતરપિંડી સામે આવતાં જ મોલ ના માલિકો અને સંબંધિત મેનેજરો સંપર્કવિહોણા બની ગયા છે. તેમના ફોન સતત સ્વીચ ઓફ આવી રહ્યા છે. વધુમાં, ઓશિયા મોલ નો મામલો હવે નેશનલ કંપની લો ટ્રિબ્યુનલ સુધી પહોંચ્યો હોવાથી વેપારીઓની ચિંતા વધી ગઈ છે.વેપારીઓના જણાવ્યા અનુસાર, કેટલાક નાના વેપારીઓએ હજુ સુધી સત્તાવાર ક્લેમ પણ દાખલ કર્યો નથી. અનેક વેપારીઓનું મોટું રોકાણ ફસાઈ જતાં તેમની આર્થિક સ્થિતિ ખરાબ બની ગઈ છે.ભોગ બનનાર વેપારી વિવેકભાઈએ જણાવ્યું કે, "અમે ક્રેડિટ પર માલ સપ્લાય કરતા હતા. NCLTમાં મામલો પહોંચતાં અમારા ૧.૫૭ કરોડના ચેક રિટર્ન થયા છે. હવે માલિકો સાથે કોઈ સંપર્ક થઈ શકતો નથી."વેપારી હિતેશભાઈ ઠક્કરે જણાવ્યું કે, "હું મોલમાં બ્રાન્ડેડ ચીજવસ્તુઓ સપ્લાય કરતો હતો. અમે કંપનીઓને એડવાન્સ પેમેન્ટ કરીને માલ ખરીદ્યો હતો, જેના કારણે આખું રોકાણ ફસાઈ ગયું છે.

### વેકેશન લંબાવવા માગ

# પ્રધાનમંત્રીના સૂચન મુજબ ઓન લાઇન ક્લાસીસ ચલાવવા વિચારણા

## વડોદરા વાલી મંડળની યોજનારી બેઠકમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઇન શિક્ષણ બાબતે વિચારણા થઈ શકે છે

અમદાવાદ,તા.૨૮

હાલમાં ઈરાન અને ઈઝરાયેલ અમેરિકા વચ્ચેના ચાલતા યુદ્ધને કારણે ઈંધણની સર્જાનારી અછતના કારણે આગામી દિવસોમાં નવું શૈક્ષણિક સત્ર શરૂ થઈ રહ્યું છે. ત્યારે વડોદરા વાલી મંડળની યોજાનારી બેઠકમાં વિદ્યાર્થીઓ માટે ઓનલાઈન શિક્ષણ બાબતે વિચારણા થઈ શકે છે.આગામી દિવસોમાં સંકલનની બેઠક મળશે. એમાં વિદ્યાર્થીઓને ઓનલાઈન શિક્ષણ અંગે સઘન ચર્ચા વિચારણા થવાની શક્યતા નકારી શકાતી નથી. હાલમાં ખાડી દેશો વચ્ચે ચાલી રહેલા યુદ્ધના કારણે ઈંધણની કટોકટી સર્જાઇ રહી છે ત્યારે વડાપ્રધાન મોદીએ પેટ્રોલ ડીઝલ બચાવવા સહિત 'વર્ક ફ્રોમ હોમ' અને ઓન લાઈન ક્લાસની પણ અપીલ કરી હતી. જેમાં વડોદરા વાલી મંડળ મદદરૂપ થવા તૈયાર થઈ શકે છે. વડોદરાની તમામ શાળાઓ માલ્ટ બોર્ડ અને શિક્ષકોની એઆઈ ટ્રેનીંગ ખાસ મદદરૂપ બની શકે છે. મોટાભાગના તમામ શિક્ષકોએ એઆઈની ટ્રેનીંગ લીધી છે. પરિણામે તમામ શિક્ષકો વિદ્યાર્થીઓને સારી રીતે શિક્ષણ આપી શકશે. જેથી વિદ્યાર્થીઓને અભ્યાસ બાબતે પૂરતો ન્યાય મળી શકશે. જો તમામ શાળા સંચાલક મંડળો વિદ્યાર્થીઓની ફી ઘટાડવા સહિત વિદ્યાર્થીઓની આવન જાવાનના વાહનો રીક્ષા અને વાન દ્વારા ભાવ ઘટાડા અંગે સહમત થાય એ પણ જરૂરી બનશે. જો કે શહેર વાલી મંડળમાં અન્ય વાલી મંડળો પણ સમાયેલા છે. અત્રે ઉલ્લેખનીય છે કે, હાલમાં ઉનાળાની અસહય ગરમીમાં વડોદરા સહિત રાજ્યની શાળાઓમાં વેકેશન વધુ ૧૦ દિવસ લંબાવવાની પણ માગ થઈ છે.

### ૯૧ વર્ષની ઉંમરે ભોપાલમાં લીધા અંતિમ શ્વાસ

# ઉર્દૂ શાયરીની દુનિયાના સરતાજ ડો. બશીર બદ્રનું નિધન થયું

## તેઓ લાંબા સમયથી ડિમેન્શિયાથી પીડાતા હતા

ભોપાલ, તા.૨૮

ઉર્દૂ શાયરીની દુનિયાના સરતાજ ડૉ. બશીર બદ્રનું ૯૧ વર્ષની વયે ભોપાલમાં તેમના નિવાસસ્થાને અવસાન થયું છે. તેઓ લાંબા સમયથી ડિમેન્શિયા (યાદશક્તિ ગુમાવવાની બીમારી)થી પીડાતા હતા. ગુરુવારે બપોરે તેમણે અંતિમ શ્વાસ લેતા જ સાહિત્ય જગત અને તેમના ચાહકોમાં શોકની લહેર દોડી ગઈ છે.બશીર બદ્રનો જન્મ ૧૫ ફેબ્રુઆરી ૧૯૩૫ના રોજ ઉત્તર પ્રદેશના અયોધ્યામાં થયો હતો. તેમણે અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાંથી પીએચ.ડી.ની પદવી મેળવી અને ત્યાં ઉર્દૂ વિભાગમાં પ્રોફેસર તરીકે સેવાઓ આપી હતી. સાહિત્યમાં તેમના અમૂલ્ય પ્રદાન બદલ તેમને ભારત સરકાર દ્વારા પ્રતિષ્ઠિત 'પદ્મશ્રી' સન્માનથી પણ નવાજવામાં આવ્યા હતા.બશીર બદ્રની શાયરીની સૌથી મોટી ખાસિયત એ હતી કે, તેમણે અઘરા શબ્દોને બદલે સામાન્ય બોલચાલની ભાષાનો ઉપયોગ કર્યો. તેમણે પ્રેમ, વિરહ, સંબંધો અને આશા જેવા જિંદગીના તમામ રંગોને ખૂબ જ સાદગીથી કાગળ પર ઉતાર્યા, જેથી તેમની ગઝલો માત્ર સાહિત્યના જાણકારો સુધી સીમિત ન રહેતા સામાન્ય લોકોના દિલ સુધી પહોંચી. જ્યોતિષશાસ્ત્ર અનુસાર, આવી અદ્ભુત લેખન અને કાવ્ય પ્રતિભા માત્ર અભ્યાસથી નથી આવતી. જ્યારે જન્મકુંડળીમાં વાણી, બુદ્ધિ, કલ્પનાશક્તિ અને લાગણીઓનો યોગ્ય સમન્વય કરાવતા ખાસ ગ્રહયોગો બને છે, ત્યારે જ વ્યક્તિની અંદર આવા મહાન શાયર કે કવિનો જન્મ થાય છે. આજે બશીર બદ્ર ભલે આપણી વચ્ચે નથી, પરંતુ તેમની રચનાઓ હંમેશાં જીવંત રહેશે.

### મહિલાઓનો રહ્યો દબદબો

# સુરત, રાજકોટ સહિત સાત મનપાના મેયર જાહેર કરાયા

## સુરત, રાજકોટ, વડોદરા, સુરેન્દ્રનગર, ભાવનગર, આણંદ તથા વાપીના મેયર અને ડેપ્યુટી મેયરની વરણી

ગાંધીનગર, તા.૨૮

લાંબા સમયની રાહ બાદ આખરે આજે સુરત, રાજકોટ, વડોદરા, સુરેન્દ્રનગર, ભાવનગર, આણંદ તથા વાપીના મેયર અને ડેપ્યુટી મેયરની વરણી કરી લેવામાં આવી છે. આ સાત મનપામાં પાંચ મેયર પડે મહિલાઓની વરણી કરવામાં આવી છે. તો જોઈ લો કયા મનપામાં કયા ઉમેદવારોને મળ્યો સત્તાનો તાજ. નોંધનીય છે કે, ૨૬મી મેના રોજ અમદાવાદ, નવસારી, ગાંધીધામ, મોરબી, જામનગર, પોરબંદર, નડિયાદ, મહેસાણા એમ કુલ ૮ મનપામાં પદાધિકારીઓની જાહેરાત કરી દેવાઈ હતી.

વડોદરાના નવા મેયર તરીકે ગીતાબેન મકવાણા અને ડેપ્યુટી મેયર પદે આદિત્ય પટેલની વરણી કરવામાં આવી છે. સ્ટેન્ડિંગ ચેરમેન તરીકે વર્ષાબેન વ્યાસના નામ પર મહોર લગાવવામાં આવી છે. વડોદરા મહાનગરપાલિકાની ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયા બાદ ગુરુવારના રોજ નવી ટર્મની સર્વપ્રથમ સામાન્ય સભા ભારે ઉત્સાહપૂર્ણ માહોલમાં યોજાઈ હતી. ખંડેરાવ માર્કેટ સ્થિત સભા હોલમાં મ્યુનિસિપલ કમિશનરની અધ્યક્ષતામાં શરૂ થયેલી આ મહત્વપૂર્ણ સભામાં વડોદરા મહાનગરપાલિકાના તમામ ઉચ્ચ પદો માટે નવી વરણીઓ કરવામાં આવી છે. આ સાથે જ શાસક પક્ષના નેતા તરીકે શ્વેતા માછી અને દંડક તરીકે વિજય ચૌહાણના નામો સત્તાવાર રીતે જાહેર કરવામાં આવ્યા છે.આજે વાપી મહાનગરપાલિકાના ચૂંટાયેલા કોર્પોરેટરોની પ્રથમ સામાન્ય સભા મળી હતી. જેમાં મેયર તરીકે વોર્ડ નંબર ૪ના ભાજપના કોર્પોરેટર દક્ષાબેન પટેલ, ડેપ્યુટી મેયર તરીકે મિતેશ દેસાઈ અને સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે સતિષભાઈ પટેલ બિનહરીફ ચૂંટાઈ આવ્યા હતા. વાપી મહાનગરપાલિકાની યોજાયેલી ચૂંટણીમાં કુલ ૫૨ બેઠકોમાંથી ૩૭ બેઠકો પર ભાજપના ઉમેદવારોનોવિજય થયો હતો. ૧૧ બેઠક પર કોંગ્રેસ અને ચાર બેઠકો પર અપક્ષ ઉમેદવારોનો વિજય થયો હતો.

સુરેન્દ્રનગર મનપાના નવા મેયર તરીકે રાકેશભાઈ રાઠોડ અને ડેપ્યુટી મેયર તરીકે સ્મિતાબેન રાવલની નિમણૂક કરવામાં આવી છે. કારોબારી ચેરમેન તરીકે નિખિલભાઈ ચાંપાનેરી, પક્ષના નેતા તરીકે પીન્ટુબેન અસાનિયા અને દંડક તરીકે સ્વાતિબેન માંડલિયાની વરણી કરવામાં આવી છે. (તસવીર ગુજરાત બીજેપીના એક્સ હેન્ડલ પરથી સભાર)આણંદ મહાનગરપાલિકાના નવા મેયર તરીકે દીપિકાબેન પટેલનું નામ જાહેર થયું છે. આ સાથે ડેપ્યુટી મેયર તરીકે કમલેશ ડાભીના નામની પસંદગી કરવામાં આવી છે. સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે મયુર સુથારનું નામ જાહેર કરાયું છે. મહાનગરપાલિકા બન્યા બાદ પહેલી વખત આણંદ શહેરને મળ્યા મેયર અને ડેપ્યુટી મેયર. નોંધનીય છે કે, ૨૬ મેના રોજ અમદાવાદ, નવસારી, ગાંધીધામ, મોરબી, જામનગર, પોરબંદર, નડિયાદ, મહેસાણા એમ કુલ ૮ મનપામાં પદાધિકારીઓની જાહેરાત કરી દેવાઈ હતી.સુરતના મેયર માયાબેન માવાણીની વરણી થઈ છે. આ સાથે ડેપ્યુટી મેયર પદે સુધાકર ચૌધરી, સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન પદે રાજન પટેલ, શાસકપક્ષના નેતા અલ્પા મહેતા તથા દંડક પદે ઊર્મિલા ત્રિપાઠીના નામ જાહેર થયા છે. ઉલ્લેખનીય છે કે, ગત વખતે દક્ષેશ માવાણી મેયર પદે હતા. રાજકોટ મહાનગરપાલિકામાંનવા પદાધિકારીઓના નામોની સત્તાવાર જાહેરાત થઈ ગઈ છે. ભાજપ દ્વારા આગામી અઢી વર્ષ માટે મેયર તરીકે નેહલ શુક્લની પસંદગી કરવામાં આવી છે. જ્યારે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે પરેશ પીપળીયા અને ડેપ્યુટી મેયર તરીકે દક્ષાબેન વસાણીને જવાબદારી સોંપવામાં આવી છે.ભાવનગર મનપાને મળ્યા નવા મેયર પદે ઉષાબેન તલરેજા અને ડેપ્યુટી મેયર તરીકે અશોક બારૈયાની વરણી થઈ છે. આ સાથે સ્ટેન્ડિંગ કમિટીના ચેરમેન તરીકે કિશન મહેતાની વરણી થઈ છે. મનપાના નવા દંડક લાલભા વાળા બન્યા છે.

# અમરેલી ખાતે ADCU હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનો શુભારંભ કરાવતા ઇફકોના અધ્યક્ષ દિલીપ સંઘાણી






અમરેલી જિલ્લા સહકારી સંઘના અપ્રયક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ દેશના યશસ્વી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીજીના સૂત્ર વોકલ ફોર લોકલને સાર્થક કરતા અમરેલી જિલ્લા સહકારી સંઘ દ્વારા તારીખ ૨૭/૫/૨૦૨૬થી તારીખ ૩૧/૫/૨૦૨૬ સુધી પાંચ દિવસીય ADCU હાટ પ્રદર્શની અને વેચાણ મેળાનું આયોજન કરવામાં આવ્યું છે જેનો શુભારંભ ઈફકો અને ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણીના વરદ હસ્તે કરવામાં આવેલ હતો. આ મેળામાં ઘરેથી કામ કરતી બહેનો દ્વારા તૈયાર કરવામાં આવેલ વસ્તુઓનું પ્રદર્શન અને વેચાણનું આયોજન કરવામાં આવેલ છે ત્યારે આ મેળો તારીખ ૨૭ થી તારીખ ૩૧ મે સુધી ચાલશે અને જેમાં શહેર અને જિલ્લાના લોકો ખરીદી કરી અને બહેનોને પ્રોત્સાહિત કરશે ત્યારે ઉદઘાટક દિલીપભાઈ સંઘાણી દ્વારા મેળાને ખુલ્લો મૂકી અને ત્યાર બાદ સ્ટોલની વિઝીટ કરી હતી અને બહેનોને પ્રોત્સાહિત કર્યા હતા. આ ઉદઘાટન સમારોહમાં અમરેલી ખરીદ વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, સાવરકુંડલા માર્કેટિંગ યાર્ડના અધ્યક્ષ દીપકભાઈ માલાણી, અમર ડેરીના ઉપાધ્યક્ષ મુકેશભાઈ સંઘાણી, અમરેલી જિલ્લા સહકારી સંઘના માનદમંત્રી જે.પી. વઘાસિયા, ડાયરેકટર અરૂણભાઈ પટેલ, અમરીશભાઈ જોષી, જયભાઈ મસરાણી વગેરે મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

## આગામી રાજયસભામાં નાની જ્ઞાતિઓ અને સમૂહને સ્થાન આપવા ભાજપને રજુઆત

ભાવનગર, તા. ૨૮

આગામી મહિનામાં ગુજરાતની રાજયસભાની ચાર બેઠકોની ચૂંટણીઓ યોજવા જઈ રહી છે. વિધાનસભાના સંખ્યા પણ મુજબ ચારે ચાર બેઠકો ભાજપને મળે તેવી સ્થિતિ છે. તેથી ભાજપનું પાર્લામેન્ટરી બોર્ડજેને પસંદ કરશે તે રાજયસભાના સભ્યપદે આપોઆપ ચૂંટાઈ આવશે. તા. ૬ ના રોજ ફોર્મ ભરવાના અંતિમ પહેલા ભાજપનું પાર્લામેન્ટ્રી બોર્ડ આ ચાર નામોની જાહેરાત કરનાર છે.

ગુજરાતમાં એવી અનેક જ્ઞાતિઓ અને સમૂહ છે કે જેમની પાસે મતોની સંખ્યા છે પરંતુ તે કોઈ એક નિશ્ચિત મતવિસ્તારમાં એકત્રિત થયેલા નથી અને તેથી તેમને વિધાનસભામાં યોગ્ય પ્રતિનિધિત્વ પ્રાપ્ત થતું નથી. જેમાં સોની, ધોબી, કારીગર વર્ગની જ્ઞાતિઓ વગેરેનો સમાવેશ થાય છે. ક્ષત્રિયોમાં પણ કેટલીક જ્ઞાતિઓ આ વ્યાખ્યામાં આવી જાય છે. ઓબીસીને મળનારા લાભો અને તે માટે જરૂરી એવો અવાજ ઉઠાવવા તેમને પ્રતિનિધિત્વ મળવું જોઈએ તેવી માંગ અનેક જ્ઞાતિ – સમૂહમાંથી થઈ રહી છે.

સૌરાષ્ટ્રના કાઠી ક્ષત્રિય સમાજના અગ્રણીઓ સર્વ ભરતસિંહ વાળા–જુનાગઢ, દિલીપભાઈ ખાચર–સુરત, દેવુભા કાઠી– ભરૂચ, પત્રકાર અને શિક્ષણવિદ્ તખુભાઈ સાંડસુર–વેળાવદર અને અન્ય મહાનુભાવોએ એક યાદીમાં જણાવ્યું છે કે અમારી જ્ઞાતિને ઘણાં સમયથી વિધાનસભા–સંસદ જેવી વૈધાનિક સંસ્થાઓમાં પ્રતિનિધિત્વ મળતું નથી. જેથી મૂળભૂત પ્રશ્નો હેરના ઠેર રહેતા હોય છે. તેઓ ભાજપનું ગુજરાતમાં પ્રતિનિધિત્વ કરી રહ્યા છે. તાલુકા પંચાયતની ૧૦૦ જેટલી બેઠકો પર આ જ્ઞાતિના લોકો ચુંટાયા છે. નગરપાલિકાઓ અને જિલ્લા પંચાયતમાં ૫૦ કરતાં વધુ બેઠકો પર અમારૂં પ્રતિનિધિત્વ જોવા મળે છે. તેથી અમારી જ્ઞાતિ માંથી કોઈ એક અગ્રણીને પાર્લામેન્ટરી બોર્ડને યોગ્ય લાગે તેવા આગેવાનને આ રાજયસભાની બેઠક માટે ટિકિટ આપીને પસંદ કરવા જોઈએ તેવી લાગણી છે. સૌરાષ્ટ્રના આઠ જેટલા જિલ્લાઓમાં આઠ લાખની વસ્તી ધરાવતો આ જ્ઞાતિ સમુહ ભારતીય જનતા પાર્ટી સાથે જોડાયેલો છે. તેના પરિણામો પણ તેઓએ બતાવ્યા છે. તેથી અમારા કોઈપણ અગ્રણી પૈકીના વ્યક્તિને ટિકિટ મળવી જોઈએ એવી લાગણી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીના એરપોર્ટ નજીક આવેલ

કથિરીયા, હંસાબેન ભરતભાઇ કથિરીયા, યશ ભરતભાઇ કથિરીયા તથા શિવાની ભરતભાઇ કથિરીયા નામના આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી યુવકને અમરેલીમાં આવેલ અમરેલી એરપોર્ટની પાસે રામાણીની વાડી વિસ્તારના બ્લોક/સર્વે નં.૧૨૫/૨ વાળી ૬૩૦૩ ચો.મી. જમીન ટાઈટલ કલીયર અને કોઈના પણ કોઈપણ પ્રકારના હક્ક કે અધિકાર વિનાની હોવાનુ જણાવી અને એક વીઘાના રૂપિયા ૩૨,૯૦,૦૦૦ મુજબ વેચાણ આપવા નક્કી કરી યુવક પાસેથી કુલ રૂપિયા ૨૦,૦૦,૦૦૦ પુરા વેચાણ અવેજ પેટે આરોપીઓએ મેળવી લઈ જમીન ખરીદનાર યુવકને નોટરાઇઝ સાટાખત કરી આપી અને દસ્તાવેજ કરી આપવા બંધાયેલ હોવા છતા જાણી જોઈને આરોપીઓ દ્વારા ઠગાઇ કરવાના ઈરાદાથી આરોપીઓએ યુવકને દસ્તાવેજ નહી કરી આપી કે યુવકના અવેજ રૂપિયા તથા બીનખેતિ કરવા માટે થયેલ ખર્ચના રૂપિયા ૨,૬૧,૭૩૮ નહી આપી યુવક સાથે કુલ રૂપિયા ૨૨,૬૧,૭૩૮ની છેતરપીંડી કરી ઠગાઇ કરી અને ઉપરાંતમાં યુવકને ગાળો આપી ટાંટીયા ભાંગી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાતા પોલીસે બનાવ અંગે ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલીના સુખનાથપરામાં

આ બનાવમાં મળતી માહિતી મુજબ આજે સાંજે અંદાજે ૫–૨૦ કલાકે અમરેલી ફાયર કંટ્રોલ રૂમ ખાતે ટેલીફોનિક જાણ કરવામાં આવી હતી કે, અમરેલીના સુખનાથ પરા, શેરી નંબર–૭ ખાતે હિતેનભાઈ ડોડીયાના મકાનમાં કાર્યરત ''ચામુંડા ફોટો ફ્રેમ''ના પ્રિન્ટિંગ મશીનમાં આગ લાગી છે. બનાવની ગંભીરતાને ધ્યાનમાં રાખી ફાયર ઓફિસર એચ.સી. ગઢવીની આગેવાની હેઠળ ફાયર બ્રિગેડની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી.

ઘટના સ્થળે ઘરની અંદર ત્રણથી ચાર પ્રિન્ટિંગ મશીન હોવાને કારણે ભારે ધુમાડો ફેલાયો હતો. ફાયર વિભાગે અત્યાધુનિક સાધનોની મદદથી સ્મોક મેનેજમેન્ટ કરી વેન્ટિલેશન ઉભું કર્યું હતું તેમજ પાણીનો મારો ચલાવી આગને વધુ ફેલાતી અટકાવી ટૂંકા સમયમાં કાબુમાં લીધી હતી.

આ ઘટનામાં યુનિટના માલિક તથા તેમના એક કર્મચારીને કાચ વાગવાથી ઈજા પહોંચી હતી. જેમાં એક વ્યકિતને ફાયર વિભાગ દ્વારા સ્થળ પર જ પ્રાથમિક સારવાર આપવામાં આવી હતી જયારે અન્ય એક ઈજાગ્રસ્તને વધુ સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો.

આ આગ બુઝાવવાની કામગીરીમાં ફાયર વિભાગના કર્મનિષ્ઠ જવાનો ભગવતસિંહ ગોહિલ, પ્રવીણભાઈ ચૌહાણ, કૃષ્ણભાઈ ઓળકિયા, જગદીશભાઈ ભુરીયા અને હર્ષભાઈ ચાવડાએ મહત્વપૂર્ણ કામગીરી બજાવી હતી.

## પાના ૧ ઉપરનું ચાલું જાફરાબાદના હેમાળ નજીક

હોવાનું પ્રાથમિક માહિતીમાં જાણવા મળ્યું છે.

ત્રણ વાહનો વચ્ચે ગંભીર અથડામણ પ્રાપ્ત માહિતી મુજબ, ભાવનગર – સોમનાથ નેશનલ હાઈવે પર હેમાળ ગામ નજીક અચાનક ત્રણ વાહનો વચ્ચે ગંભીર અથડામણ સર્જાઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે ટુ–વ્હીલર ચલાવતા વૃદ્ધ રોડ પર જ ગંભીર રીતે ઈજાગ્રસ્ત બન્યા હતા અને તેમનું ઘટના સ્થળે જ મોત થયું હતું છે. ઘટનાને પગલે હાઈવે પર થોડા સમય માટે ટ્રાફિક જામ જેવી સ્થિતિ પણ સર્જાઈ હતી. મૃતકની ઓળખ નાગજીભાઈ વલ્લભભાઈ સાવલિયા તરીકે થઈ છે. તેઓની ઉંમર અંદાજે ૭૭ વર્ષ હોવાનું સામે આવ્યું છે અને તેઓ ચોત્રા ગામના રહેવાસી હોવાનું જાણવા મળ્યું છે. અકસ્માતની જાણ થતાં સ્થાનિક લોકો તરત જ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી. સાથે જ ઈમરજન્સી સેવાઓને પણ જાણ કરવામાં આવી હતી. અકસ્માત અંગે જાણ થતાં નાગેશ્રી પોલીસ તાત્કાલિક ઘટના સ્થળે પહોંચી હતી અને સમગ્ર બનાવ અંગે વધુ તપાસ હાથ ધરી હતી. પોલીસે અકસ્માતગ્રસ્ત વાહનોને સાઈડ પર ખસેડી ટ્રાફિક વ્યવસ્થા પુનઃ સ્થાપિત કરવાની કામગીરી કરી હતી. મૃતકના મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે જાફરાબાદ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો. અકસ્માતનું ચોક્કસ કારણ પ્રાથમિક તપાસ મુજબ અકસ્માતનું ચોક્કસ કારણ હજુ સામે આવ્યું નથી, જોકે હાઈવે પર વધતી વાહન વ્યવહારની અવરજવર અને બેદરકારીભર્યા અને ફૂલ સ્પીડ ડ્રાઈવિંગને કારણે અકસ્માત સર્જાયો હોવાની શકયતા વ્યક્ત કરવામાં આવી રહી છે. આ ગંભીર અકસ્માતની પોલીસે તમામ દિશામાં હાલ તપાસ હાથ ધરી છે.

''અમરેલી એકસપ્રેસ''
અમારૂ ઇ–મેઇલ એડ્રેસ
''અમરેલી એકસપ્રેસ''ના પત્રકારોને વિનંતી કે,ઇ–મેઇલ એડ્રેસ
amreliexpress7@gmail.com
પર ફોટોગ્રાફસ મોકલવા.
''અમરેલી એકસપ્રેસ'' દૈનિક
જિલ્લા મધ્યસ્થ બેંક પાછળ, અમરેલી.

## પાના ૧ ઉપરનું ચાલું યુવકનુ ડુબી જવાથી મોત નિપજયુ

સમગ્ર વિસ્તારમાં અરેરાટી ફેલાઈ હતી.

પોલીસ સૂત્રોમાંથી પ્રાપ્ત માહિતી અનુસાર લીલાપીળની ધાર પાસે રહેતો અનિ કનુભાઈ કારડીયા (ઉ.વ.૧૮) આજે બપોરના સમયે પરિવારને કહ્યા વગર અમૃત સરોવરમાં નાહવા માટે ગયો હતો. દરમિયાન પાણીના ઊંડાણમાં જતા તે ડૂબી ગયો હતો. સ્થાનિક લોકોએ યુવાનને બચાવવા ભારે પ્રયાસો કર્યા હતા અને તાત્કાલિક ટાઉન પોલીસ તેમજ ૧૦૮ એમ્બ્યુલન્સને જાણ કરવામાં આવી હતી.

ઘટનાસ્થળે પહોંચેલી ટીમ દ્વારા અનિને બહાર કાઢી સાવરકુંડલા સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યો હતો, જયાં ફરજ પરના ડોક્ટરે તેને મૃત જાહેર કર્યો હતો. મૃતક અનિના પિતા કનુભાઈ કારડીયા મજૂરી કામ કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. પરિવારમાં બે દીકરાઓમાંથી અનિ મોટો દીકરો હતો. બપોરે કામ પરથી ઘરે આવેલા માતા–પિતાને દીકરો સરોવરમાં ડૂબી ગયાની જાણ થતાં તેઓ તાત્કાલિક ઘટનાસ્થળે દોડી ગયા હતા.

સરકારી હોસ્પિટલ ખાતે સગા–સંબંધીઓ અને પરિવારજનોએ ૧૮ વર્ષીય યુવાનને મૃત હાલતમાં જોઈ આક્રંદ કર્યો હતો. ઘટનાને પગલે દેવીપુજક સમાજ સહિત સમગ્ર વિસ્તારમાં શોકનો માહોલ છવાઈ ગયો હતો.

સ્થાનિક લોકોના જણાવ્યા મુજબ અમૃત સરોવરમાં અગાઉ પણ આવી દુર્ઘટનાઓ બની ચૂકી છે. છતાં અહીં કોઈ ચોકીદાર, સુરક્ષા રક્ષક કે સીસીટીવી કેમેરાની વ્યવસ્થા ન હોવાને કારણે બપોરના સમયે બાળકો અને યુવાનો નાહવા માટે પહોંચી જતા હોય છે. કરોડો રૂપિયાના ખર્ચે સરોવરનો વિકાસ થઈ રહ્યો હોવા છતાં સુરક્ષાની પૂરતી વ્યવસ્થા ન હોવાને કારણે લોકોમાં રોષ ફેલાયો છે. સ્થાનિકોએ તાત્કાલિક સીસીટીવી કેમેરા, સુરક્ષા ગાર્ડ તથા પ્રતિબંધાત્મક પગલાં ભરવાની માંગ ઉઠાવી છે.

## પાના ૧ ઉપરનું ચાલું અમરેલીમાં બ્રોડગેજ અને મીટરગેજની

અને પછી મિશન બ્રોડગેજ સમિતિ દ્વારા સતત લડત આપવામાં આવી રહી છે. અમુક ચોક્કસ વર્તુળો પોતાના આર્થિક સ્વાર્થ માટે અમરેલીને બ્રોડગેજ મળે તેવું ઈચ્છતા ન હોવાથી અનેક માનવસર્જિત ઊભી કરવામાં આવેલી અડચણો ઊભી કરવામાં આવી રહી છે.

અમરેલીમાં બ્રોડગેજ માટે અમરેલીથી ખીજડીયા સુધી નવો રસ્તો કાઢીને મંજૂરી આપવામાં આવી હતી. તે પછી કામગીરી પણ શરૂ થઈ ગઈ હતી અને હવે કામગીરી અંતિમ તબક્કામાં છે ત્યાં ફરીથી નવી અડચણોના કારણે બ્રોડગેજની કામગીરી સામે નવા પડકારો ઉભા કરવામાં આવી રહ્યા છે.

અમરેલીમાં અગાઉ બ્રોડગેજ લાઈન પર સ્પીડ ટેસ્ટ પણ કરવામાં આવ્યો હતો અને ઈલેકટ્રીફીકેશનની કામગીરી પણ ચાલુ છે. જે પૂરી થતા બે મહિનામાં અમરેલીમાં બ્રોડગેજ દોડતી થઈ જશે તેવી આશા બંધાઈ હતી. ત્યારે અમરેલીમાં બ્રોડગેજ માટે ફરીથી નવી અડચણો સામે આવી રહી છે.

અમરેલીના ઈરીયાથી ગીરીયા વચ્ચે રોડ પર ફાટક પાસે અન્ડર બ્રિજ બનાવવાનું નક્કી કરવામાં આવ્યું છે અને આ પ્રોજેકટ માટે ગીરીયા અને ઈરીયા ગામની જમીનને સંપાદિત કરવી પડે તેમ છે અને આ જમીન સંપાદન કરવા માટે કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. જે કામગીરી થયા પછી અહીં બ્રિજ બનાવવાની કામગીરી થાય તેમ છે અને આ કારણે બ્રોડગેજની કામગીરી ફરી એક વખત લંબાય તેવી શકયતા ઊભી થઈ છે.

આ ઉપરાંત અમરેલીના કેરીયા રોડ પર પણ અન્ડર પાસની કામગીરી ચાલી રહી છે અને તે પૂર્ણ થવામાં છે. ત્યારે કોઈ અગમ્ય કારણોસર કેટલાક સમયથી તે કામગીરી હાલ બંધ થઈ ગઈ છે અને બ્રોડગેજ ચાલુ ન થાય તેવા કેટલાંક લોકો દ્વારા ઈસ્યુ ઊભા કરવામાં આવતા આ મીટર ગેજ સેવાઓ શરૂ કરવામાં મુશ્કેલી ઊભી થઈ રહી છે.

## પાના ૮ ઉપરનું ચાલું અમરેલી પાલિકામાં જન્મ–મરણ નોંધણી

પાલિકા કચેરી ખાતે આવવું પડતું હોય છે પરંતુ અમરેલી નગર પાલિકામાં છાસવારે જન્મ મરણ નો સી આર એસ પોર્ટલ બંધ હોવાના કારણે અરજદારોમાં સરકારના બંધ પોર્ટલ સામે ભારે રોષની લાગણી સાથે આક્રોશ છવાયેલ હતો કારણકે અમરેલી નગર પાલિકામા જન્મના દાખલા અપડેટ કરાવવા માટે ટોકન આપવામાં આવે છે જે ટોકન પૂરા થઈ ગયા બાદ આવતા અરજદારોને બીજા દિવસે ફરીવાર ધક્કા ખાવાનો વખત આવેલ હતો બંધ પોર્ટલના કારણે અરજદારો સાથે ફરજ પરના કર્મચારીઓને પણ ઘર્ષણમાં ઉતરવાનો વખત આવેલ છે.

છાસવારે બંધ રહેતા સી આર એસ પોર્ટલ અંગે જવાબદાર અધિકારી દ્વારા પગલા ભરવા માંગણી ઉઠેલ હતી. નવા દાખલા સી.આર.એસ. પોર્ટલ મારફત જ આપવામાં આવે છે પરંતુ જૂના દાખલાઓ પણ આજ પોર્ટલ મુજબજ અપડેટ કરવાના હોવાથી સવારથી જૂના દાખલાઓ અપડેટ કરાવવા માટે કાળજાળ ૪૩ ડિગ્રીમાં અરજદારો દૂર દૂરથી કતારોમાં ઊભા રહેવા મજબૂર બનેલ છે સી.આર.એસ. પોર્ટલ શરૂ થયા બાદ જવાબદાર અધિકારી દ્વારા ઈ ઓળખ પોર્ટલ બંધ કરી દેવામાં આવતા છ છ મહિના સુધી અરજદારોને ધરમના ધક્કા ખાવાનો વખત આવેલ હતો. હાલ ઈ ઓળખ પોર્ટલ ચાલુ કરી દેવામાં આવેલ છે પરંતુ આ પોર્ટલ પણ ઘણીવાર બંધ થઈ જવાના કારણે જૂના દાખલાઓ અપડેટ થઈ શકતા નથી જવાબદાર અધિકારીઓની લાપરવાહીને ભોગ ફરજ પરના કર્મીઓ બની રહેલ છે. ઓનલાઈન સિસ્ટમ કાળ ઝાળ ગરમીમાં એક સુવિધાના બદલે દુવિધારૂપ સાબિત થયાનો અરજદારો બળાપો ઠાલવી રહેલ છે. ત્યારે દૂર દૂરથી આવતા અરજદારોને દાખલાઓ સહેલાઈથી મળી જાય તે દિશામાં સરકારે પગલાં ભરવા માંગણી ઉઠેલ છે.

સંકુલ કોલેજ પ્રવેશ ચાલુ
BA - MA – સાયકોલોજી
BA - MA – સોસીયોલોજી
BA - MA – ઇંગ્લીશ
B.Com. - M.Com – ગુજરાતી મિડીયમ
B.Com. - M.Com – ઇંગ્લીશ મિડીયમ
B.Sc. - M.Sc – માઈક્રોબાયોલોજી
B.Sc. - M.Sc – બાયોટેક્નોલોજી
BCA - MCA – કોલેજ (GTU)
BBA - MBA – કોલેજ (GTU)
B.Pharm. - M.Pharm.
B.Ed. - PTC – કોલેજ
PG - DMLT – કોલેજ
શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત સંચાલિત
Ad083

**એક્ઝિક્યુટીવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી**

**અરજદાર :** શ્રી કરડ વિનુભાઈ પરબતભાઈ
રહે. પ્રતાપપરા, તા.જી. અમરેલી.

અપીલ રજી નં. ૪૦/૨૦૨૬

:: **વિરૂધ્ધ** ::

**સામાવાળા :** જન્મ – મરણ નોંધણી અધિકારીશ્રી, – વ –તલાટી–કમ–મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, મુ.બક્ષીપુર, તા.જિ.અમરેલી.

**–: જાહેર નોટિસ :–**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટિસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના બક્ષીપુર ગામમાં અરજદારશ્રી **કરડ વિનુભાઈ પરબતભાઈ** તેઓના બહેન **ગીતાબેન પરબતભાઈ કરડ**ની જન્મ (તા.૦૩/૦૫/૧૯૬૬) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ–મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા, તકરાર હોય તો તેમણે આ નોટિસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખ્યત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવું. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૨–૦૨–૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સિક્કો

એક્ઝિકયુટીવ મેજીસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય


# અમરેલીમાં કવિ રમેશ પારેખ સ્થાપિત 'મુદ્રા' સંસ્થાનો પૂનઃ પ્રારંભ થયો






યુગંધર કવિ રમેશ પારેખ દ્વારા સ્થાપિત સાહિત્યિક સંસ્થા 'મુદ્રા'નો પુનઃ પ્રારંભ ગત રવિવારના રોજ અમરેલીના આંગણે કાવ્યાત્મક માહોલમાં સંપન્ન થયો. પૂજય મોરારિબાપુ પ્રેરિત 'સત્ય પ્રેમ કરૂણા ટ્રસ્ટ' દ્વારા મુદ્રાનું સંચાલન કરવામાં આવશે. ગુજરાતી સાહિત્યમાં અમરેલી કેવળ ભૌગોલિક સ્થાન નથી પણ ભાવનાત્મક કેન્દ્રસ્થાને છે. આ શહેરનું વાતાવરણ કવિઓ અને સર્જકો માટે પોષક બની રહ્યું છે અને સાહિત્યમાં 'અમરેલી ઘરાના' તરીકે સુખ્યાત થયું છે. અમરેલી ઘરાનાને પુનઃ ચેતનવંતુ બનાવવા આ ઉપક્રમની શરૂઆત કરવામાં આવી છે. અમરેલીના દિલીપ સંઘાણી સાંસ્કૃતિક હોલ ખાતે યોજાયેલા આ ગરિમાપૂર્ણ કાર્યક્રમનું ઉદ્ઘાટન ગુજરાત સરકારના રાજય મંત્રી કૌશિકભાઈ વેકરિયાના હસ્તે કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના અધ્યક્ષસ્થાનેથી રાજકોટના સાંસદ પરશોત્તમભાઈ રૂપાલાએ 'મુદ્રા' સંસ્થાના પુનઃ પ્રારંભને સાહિત્ય જગત માટે એક ઐતિહાસિક ઘટના ગણાવી હતી. શ્રીમતી રસિલાબેન રમેશભાઈ પારેખની વિશેષ ઉપસ્થિતિમાં કવિ વિનોદ જોશી દ્વારા કવિ રમેશ પારેખની કવિતાઓની વિશેષતા વિશે વાત કરવામાં આવી તેમજ ભાવક શ્રેષ્ઠ છેલભાઈ વ્યાસ દ્વારા મુદ્રાના સંસ્મરણો તાજા કરવામાં આવ્યા. મુંબઈના સંગીતકાર સુરેશ જોશીએ પ્રારંભે હરિગીત ગાન દ્વારા માહોલને કાવ્યમય બનાવ્યો હતો. મુદ્રાના પુનઃપ્રારંભનો વિચાર અને સંસ્થાના કાર્યો વિશે સત્ય પ્રેમ કઢણા ટ્રસ્ટના ટ્રસ્ટી અને મુદ્રાના સંવાહક પ્રણવ પંડ્યાએ વકતવ્યમાં વિગતે વાત કરી. કાર્યક્રમની પ્રથમ બેઠકનું સંચાલન ટ્રસ્ટી–કવયિત્રી કિંજલ જોષી દ્વારા કરવામાં આવ્યું. શબ્દપર્વની દ્વિતીય બેઠકમાં ગુજરાતના મૂર્ધન્ય કવિઓએ પોતાની ઉત્તમ રચનાઓ રજૂ કરીને કાવ્યહેલી વરસાવી હતી. જેમાં આદરણીય કવિ રાજેન્દ્ર શુક્લ, કવિ વિનોદ જોશી, કવિ મનોહર ત્રિવેદી, કવિ અરવિંદ ભટ્ટ અને કવિ ભાવેશ ભટ્ટની પ્રસ્તુતિએ શ્રોતાઓની ભરપૂર દાદ મેળવી હતી. કવિ સંમેલનનું સંચાલન જાણીતા સંચાલક–કવિ મિલિંદ ગઢવીએ પોતાની આગવી અને રસપ્રદ શૈલીથી કરીને શ્રોતાઓને મંત્રમુગ્ધ કર્યા હતા. વિશેષ અતિથિઓમાં રાજકોટથી ફૂલછાબ અખબારના તંત્રી જવલંત છાયા, શિક્ષણવિદ ભદ્રાયુ વચ્છરાજાની, કટાર લેખક આર.પી. જોશી, રંગકર્મી રાજુ યાજ્ઞિક, કવિ ભાર્ગવ ઠાકર, ડો. ભરત કાનાબાર, વિ હિંદુ પરિષદના ડો. ગજેરા, ભાવનગરથી હરિશ્ચંદ્રભાઈ જોશી, કવિતાકક્ષ સંસ્થાના સભ્યો, સર્વોદય સંસ્થાના મંદાકિનીબેન પુરોહિત, અમરેલીના રાજકીય–સામાજિક આગેવાનો ઉપસ્થિત રહ્યા. અમરેલીના કાર્યક્રમને સફળ બનાવવા માટે સત્ય પ્રેમ કરૂણા ટ્રસ્ટ વતી પ્રણવ પંડ્યા, હરેશભાઈ મહેતા, પ્રા. દિવ્યકાંત સૂચક, કિંજલ જોષી, કવિ હરેશ વડાવીયા, અશોક ખાચર, ગોપાલ ધકાણ, હર્ષિત સોનીએ ભારે જહેમત ઉઠાવી હતી. મોટી સંખ્યામાં ઉપસ્થિત રહીને કાર્યક્રમને સફળ બનાવવા બદલ ટ્રસ્ટ દ્વારા અમરેલીના તમામ સાહિત્યપ્રેમીઓ અને નગરજનોનો હૃદયપૂર્વક આભાર વ્યકત કરવામાં આવ્યો હતો.

# અમરેલી : આર્ષ અધ્યયન કેન્દ્ર દ્વારા આયોજિત નારાયણ આશ્રમ શિબિર તથા યાત્રા (હિમાલય)



અમરેલી સ્વામી નિત્યશુધ્ધાનંદ સરસ્વતી સંચાલિત આર્ષ અધ્યયન કેન્દ્ર તથા જરૂરિયાતમંદ બાળકોનું છાત્રાલય લાઠી રોડ પર છેલ્લા ૨૨ વર્ષથી કાર્યરત છે. એ ઉપરાંત ગૌશાળા તથા ધાર્મિક ઉત્સવોનું પણ આયોજન થાય છે. સ્વામીજી વેદો અને ગીતાજી પણ ભણાવે છે જેનો લાભ સાધકો લઈ રહ્યા છે. છેલ્લા દસ વર્ષથી ઋષિકેશ, નારાયણ આશ્રમ (હિમાલય), કોઈમ્બતુરમાં સાધકોની શિબિર તથા યાત્રાનું આયોજન સ્વામીજી દ્વારા યોજાય છે. હાલ તા. ૬/૫/૨૬ થી ૧૯/૫/૨૬ દરમિયાન નારાયણ આશ્રમ (હિમાલય ઉતરાખંડ)માં સ્વામીજીની નિશ્રામાં શિબિર તથા યાત્રાનું ભવ્ય આયોજન થયેલ. જેમાં અમરેલી, ભાવનગર, મુંબઈ, અમદાવાદ, વડોદરાના ૪૦ સાધકો જોડાયા હતા. યાત્રા તા. ૬/૫/૨૬ અમદાવાદથી યાત્રા શરૂ થયેલ. કાઠગોદામ પહોંચ્યા બાદ ત્યાંથી યાત્રામાં ભીમતાલ તથા પાતાળ ભુવનેશ્વર ગુફાનાં દર્શન કરી ધારમૂલા રાત્રી રોકાણ કરેલ. ધાચ્ચૂલાથી નારાયણ આશ્રમ તરફ તા. ૧૦/૫/૨૬ના રોજ પ્રસ્થાન કર્યુ બપોરે આશ્રમ પહોંચી ગયા. તા. ૧૦/૫/૨૬ થી ૧૫/૫/૨૬ છ દિવસ સૌ સાધકો સ્વામીજીની આધ્યાત્મિક શિબિરમાં જોડાયા જેમાં ગીતાજીનો ચોથો અધ્યાય સ્વામીજીએ ભણાવેલ. નારાયણ આશ્રમનું સુચારૂ સંચાલન વર્ષોથી નારાયણ આશ્રમ ટ્રસ્ટનાં પ્રમુખ રમેશભાઈ પેથાણી તથા તેમના ધર્મપત્ની અ.સૌ. રંજનબેન સંભાળી રહ્યા છે રમેશભાઈ મુળ ગાવડકાના ફોરવર્ડ હાઈસ્કુલના પુર્વ વિદ્યાર્થી હોવાના નાતે તેમને અમરેલી પ્રત્યે, પ્રેમ, લાગણી અને અહોભાવ વિશેષ છે દર્શનાર્થીઓ પણ આવતાં હોય છે. હિમાચ્છાદિત ગિરીશ્રૃંખલા મનભાવન આકર્ષકને મનોરમ્ય હોય છે. રોજ દર્શન કરી પ્રસન્ન થવાય છે. સાધકોએ ૨૦૦૦ ફુટ ડુંગરાઓમાં ટ્રેકીંગ પણ કરેલ. તા. ૧૬/૫/૨૬ના રોજ આશ્રમથી પ્રસ્થાન કરી બાગેશ્વરધામ પહોંચ્યા ત્યાં દર્શનનો લાભ લઈ બીજે દિવસે નૈનીતાલ પહોંચ્યા ત્યાં સાધકોએ આનંદ કર્યો ખરીદી કરી. હોડીમાં સેર કરી સાંજે કાઠગોદામ રેલ્વે સ્ટેશને પહોંચી ગયા. તેનો ખ્યાલ જ ન રહ્યો સૌ સાજાનરવા પોતપોતાના ઘેર પહોંચી ગયાં. ''માણ્યું તેનું સ્મરણ કહ્યુ એ છે જીવનનું એક લ્હાણું'' જે આજીવન માણસનુંને મમળાવવાનું રહ્યું. સૌને હરી ઓમ..

### વર્ષોથી નિઃસ્વાર્થ પણે પ્રેરણાદાયી કામગીરી

## અમરેલીના નિવૃત શિક્ષક બી.બી.ડાભી બિલ્લાનું જ્યુસ વિનામૂલ્યે પીવરાવે છે

### વર્ષોથી સર્પનાં જીવ બચાવવાની પણ કામગીરી કરી રહ્યાં છે

અમરેલી, તા.૨૮

અમરેલીના એક નિવૃત શિક્ષક અને સર્પવિંદ ઉનાળાની કાળઝાળ ૪૪ ડિગ્રી તાપમાનમાં જાતે જ બિલ્લીના ઝાડ ઉપરથી બિલા તોડી લાવી સવારમાં જાતે જ તેનું જયુસ બનાવી પોતાંની જ બાઈક ઉપર જઈ દરરોજ સાતથી આઠથી દસ કિલોમીટર શહેરમાં ફરી અને ગરમીમાં લોકોની આંતરડી ઠારવાની નિઃશુલ્ક, સેવાનું ભગીરથ સેવાકાર્ય કરી રહ્યાં છે. સાથે સાથે તેઓ છેલ્લા ૪૦ વર્ષથી પોતાના જીવના જોખમે કોબ્રા જેવા પ્રાણઘાતક સર્પોનું રેસ્કયુ કરી સાપને સલામત સ્થળે છોડી લોકોના જીવની સાથે સર્પના પણ જીવ બચાવવાની અનેરી સેવા કરી છે.



અમરેલીની બ્રાહ્મણ સોસાયટીમાં રહેતા બાબુભાઈ બચુભાઈ ડાભી એક નિવૃત શિક્ષક છે. તેઓ દર ઉનાળાની કાળઝાળ ગરમીમાં દરરોજ વહેલી સવારે અહીં તહીં જઈ અને જાતે જ બિલીપત્રના ઝાડ શોધી તેની ઉપર આવતા બીલીના ફળ (બિલા) તોડી લાવી પોતાના ઘરે જ અને કોઈપણની મદદ લીધા વગર પોતાની જાતે બિલાનું જયુસ (સરબત) બનાવી. અને તેમાં સાકર, લીંબુ જેવી મોંઘી વસ્તુનો ઉપયોગ કરી નાની નાની બોટલોમાં ભરી રોજે રોજ જાતે જ પોતાની બાઈક ઉપર જઈને નિઃશુલ્ક રીતે પહોંચાડે છે.

એક સમયના ડ્રોઈંગ ટીચર હાલ નિવૃત શિક્ષક એવા આ સેવાભાવી વ્યક્તિ સર્પવિદ પણ છે. આખા અમરેલી શહેર તથા આજુબાજુના ગ્રામ્ય વિસ્તારોમાં કોઈ પણ જગ્યાએ કોઈ પણ સમયે સાપ નીકળે એટલે લોકો તરતજ આ ડાભી સાહેબને યાદ કરે છે. આ ડાભી સાહેબે હજારો નહીં પણ લાખો સર્પનું રેસ્કયુ કરી સેંકડો લોકોને સર્પના ડરમાંથી મુક્ત કરેલ છે. સર્પ ને પકડવા જતા એકવાર તો ઝેરી સાપનું રેસ્કયુ કરતા ૪ સમયે ઝેરી સર્પ કોબ્રાએ દંશ મારી દેતા પોતાની જાતે જ બ્લેડ વડે દંશ ઉપર કાપો મારી લોહી કાઢીને તાત્કાલિક સારવાર માટે દવાખાને દોડી જતા કોબ્રાનું ઝેર શરીરમાં ચડતા અટકી જતા બચી ગયેલ હતા.

જીવને જોખમમાં મુકી આજે પણ જાહેર સ્થળો કે લોકોના ઘરમાંથી સાપને પકડી જાતે જ સલામત સ્થળે છોડી આવે છે. છેલ્લા ચાલીસ વર્ષથી પોતાના જીવને જોખમમાં મૂકી લોકોના જીવ તો બચાવે છે સાથે સાથે સર્પ સૃષ્ટિને પણ માટે બચાવવા આજે મોંઘા ભાવનું પોતાની ગાડીનું પેટ્રોલ બાળી લોકોની અનેરી સેવા કરી રહેલ છે.

### જનતા જનાર્દન એક સાંધે તો તેર તુટેની સ્થિતિમાં

## નવી ઉપાધિ : બાબરામાં રૂપિયા ૧,૨,૫નાં સિક્કા અને રૂપિયા ૧૦ અને ૨૦ની નોટની તંગી

### વેપારીઓએ એસબીઆઈમાં રજુઆત કરી

બાબરા, તા. ૨૮

બાબરા શહેરમાં છેલ્લા કેટલાય સમયથી રૂ. ૧૦ અને રૂ. ૨૦ની નોટો સાથે રૂ. ૧, ૨ અને ૫ના સિક્કાઓની ભારે તંગી સર્જાતા નાના–મોટા વેપારીઓ મુશ્કેલીમાં મુકાયા છે. રોજિંદા વેપાર દરમિયાન ગ્રાહકોને પરચુરણ આપવામાં મુશ્કેલીઓ ઉભી થતાં વેપારીઓમાં અસંતોષનો માહોલ જોવા મળી રહ્યો છે.શહેરના અગ્રણી વેપારી દીપકભાઈ પડીયા, અલીભાઈ સહિતના વેપારીઓએ સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયા (એસબીઆઈ) દ્વારા વેપારીઓને જરૂરિયાત મુજબ દસ–વીસની નોટો તેમજ પરચુરણનું નિયમિત વિતરણ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠાવી છે. વેપારીઓના જણાવ્યા અનુસાર હાલ શહેરમાં પૂરતા પ્રમાણમાં પરચુરણ ઉપલબ્ધ ન હોવાથી રોજિંદા લેવડદેવડમાં ભારે અવરોધ ઉભા થઈ રહ્યા છે. વેપારીઓએ વધુમાં જણાવ્યું હતું કે અગાઉ સમયાંતરે એસબીઆઈ બેંક દ્વારા વેપારીઓના હિતમાં દસ–વીસની નોટો તથા સિક્કાઓનું વિતરણ કરવામાં આવતું હતું, જેના કારણે બજારમાં નાણાંની લેવડદેવડ સરળ બનતી અને વેપારીઓને મોટી રાહત મળતી હતી. પરંતુ હાલમાં આવી વ્યવસ્થા બંધ સમાન બનતાં વેપારીઓને ગ્રાહકો સામે શરમજનક પરિસ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.સ્થાનિક વેપારીઓએ બેંક તંત્રને શહેરના વેપાર હિતને ધ્યાનમાં રાખી તાત્કાલિક ધોરણે પરચુરણ વિતરણ માટે ખાસ વ્યવસ્થા ગોઠવવા અપીલ કરી છે. વેપારીઓમાં એવી પણ ચર્ચા છે કે જો સમયસર યોગ્ય પગલાં નહીં લેવાય તો આગામી દિવસોમાં બજારમાં વ્યવહાર પ્રણાલી વધુ પ્રભાવિત થઈ શકે છે.

## વડિયામાં બકરી ઈદની ઉજવણીમાં સુલેહ શાંતિ અને ભાઈચારાની દુવા સાથે નમાજ અદા કરાઈ



વડિયા, તા. ૨૮

ઈદ અલ–અદહા (જેને બકરી ઈદ અથવા બલિદાનની ઈદ તરીકે પણ ઓળખવામાં આવે છે) એ મુસ્લિમ ધર્મનો સૌથી મુખ્ય અને પવિત્ર તહેવાર છે. આ તહેવાર ઈસ્લામિક કેલેન્ડરના છેલ્લા મહિના 'દુ અલ–હજ્જા' ની ૧૦મી તારીખે ઉજવવામાં આવે છે. આ તહેવારની મુખ્ય બાબતો નીચે મુજબ છે : મુખ્ય ઉદેશ્ય : આ તહેવાર હઝરત ઈબ્રાહિમ (અબ્રાહમ) દ્વારા અલ્લાહના આદેશ પર પોતાના પુત્ર ઈસ્માઈલના બલિદાન આપવાની તૈયારીની યાદમાં ઉજવવામાં આવે છે.

આ તહેવારની સવારે મુસ્લિમ સમાજના લોકોના મસ્જિદ અથવા ખુલ્લા મેદાનમાં જઈને વિશેષ ઈદની નમાઝ અદા કરે છે અને સમગ્ર વિમાં શાંતિ તથા ભાઈચારા માટે દુઆ કરે છે. આનંદ અને ઉત્સાહ : લોકો નવા વસ્ત્રો પહેરે છે, એકબીજાને ભેટીને 'ઈદ મુબારક' પાઠવે છે, મીઠાઈઓ વહેંચે છે અને ઘરમાં સ્વાદિષ્ટ વાનગીઓ બનાવે છે. દેશભરમાં ઉજવાય રહ્યો છે બકરી ઈદનો તહેવાર : ઈદગાહ નમાઝ અદા કરવાંમાં આવે છે ઈદ અલ અદાહા પ્રેમ, ત્યાગ અને બલિદાનની ભાવનાને સન્માનિત કરવા અને સમાવિષ્ટ સમાજમાં એકતા અને ભાઈચારા દર્શાવે છે.આ તહેવાર ભારત એક બિન સાંપ્રદાયિક રાષ્ટ્ર હોવાના નાતે સમગ્ર દેશમાં મુસ્લિમ લોકો ઉજવે છે ત્યારે અમરેલી જિલ્લાના છેવાડાના તાલુકા મથક એવા વડીયાના તમામ મુસ્લિમ સમાજના લોકો ઈદગાહ પર નમાઝ અદા કરી અને ખાસ વડીયાના જમે મસ્જિદના પેશ ઈમામ ''સૈયદ સોયેબબાપુ'' દુઆ કરી કે દેશ અમન શાંતિ ભાઈચારો મોહબ્બત બની રહે અને દેશ વિકાસની દિશામાં આગળ વધે તેવી દુવાઓ સાથે નમાજ અદા કરી તહેવાર શુભકામના પાઠવવામાં આવી હતી અને ઈદના તહેવારની ઉજવણી કરવામાં આવી હતી.


આપણો સમાજ
એજ્યુકેશન કન્સલ્ટન્સી
ધોરણ 10 અને 12 પછી થતા ઉત્તમ કારકિર્દી ધરાવતા અભ્યાસક્રમો
BSC NURSING
MSC NURSING
ANM NURSING
GNM NURSING
PBBSC NURSING
BHMS / BAMS
B.C.A., B.A., P.T.C., B.ed.
તેમજ ધોરણ 10 અને 12 માં NIOS બોર્ડની વ્યવસ્થા
SC/ST વિદ્યાર્થીઓને 100%
સરકાર માન્ય સંપૂર્ણ સ્કોલરશીપ મળવાપાત્ર
Nikunj Chauhan 81414 55245
Bhavesh Vegda 93271 22692
:: એડ્રેસ ::
પ્રથમ માળ, આકાર કોમ્પ્લેક્ષ, નાના બસ સ્ટેન્ડ, નાગનાથ મંદિર પાસે, અમરેલી - ૩૬૫૬૦૧


### જાગૃત પત્રકારે મીડિયામાં અહેવાલ પ્રસિધ્ધ કરતા

## અંતે બગસરા–વડિયા–સુરતની એસ.ટી. બસનાં સ્ટોપનાં સમય અને સ્થળમાં ફેરફાર

### મુસાફર વર્ગમાં રાહતની લાગણી ફરી વળી

વડિયા, તા. ૨૮

અમરેલી જિલ્લો ખેતી આધારિત જિલ્લો હોવાથી અહિ ઉધોગોનો વિકાસનહિવત હોવાથી આ જિલ્લાના મોટાભાગના યુવાધન રોજગારી અર્થે સૌથી વધુ સુરત સ્થાયી થયેલા જોવા મળી રહ્યા છે. ત્યારે અમરેલી જિલ્લામાથી મોટા પ્રમાણ માં બસ સેવા સુરત સાથે જોવા મળી રહી છે. બગસરા ડેપોની બગસરા – વડિયા – સુરત બસ સાંજે પાંચ વાગ્યાં આસપાસ વડિયા આવી સુરત જવા રવાના થાય છે. આ પેસેન્જર સાડા ચાર વાગ્યાં આસપાસ વડિયા બસ સ્ટેન્ડ આવવા ઘરેથી નીકળતા હોય ત્યારે રાત્રે સમય સર હોટેલમાં બસ સ્ટોપ આવે તે ખુબ જરૂરી છે. પહેલા આ બસ જે હોટેલમાં સ્ટોપ લેતી હતી તે હોટેલમાં ગ્રાહકોને વેચવામાં આવતી વસ્તુઓના છાપેલી કિંમત થી વધુ ભાવ લેવામાં આવતા હતા અને ગ્રાહકો સાથે જાણે ઉઘાડી લૂંટ થતી હોય તેવુ લોકો પાસેથી જાણવા મળ્યું હતુ સાથે અગિયાર વાગ્યાં આસપાસ તે સ્ટોપ થતા પેસેન્જરને હાલાકી પડતી હતી. ત્યારે આ બાબતે પ્રિન્ટથી વધુ ભાવ લેવા બાબતે લૂંટનો એક વિડીયો સોશ્યલ મીડિયામાં વાઈરલ કર્યા બાદ એસ.ટી.વિભાગને લેખિતમાં ફરિયાદ કરતા આ બાબતે વિવિધ પ્રિન્ટ મીડિયા દ્વારા આ બાબતે અવાજ ઉઠાવવામાં આવ્યો હતો. પ્રિન્ટ મીડિયામાં અવાજ ઉઠયા બાદ એસ.ટી. વિભાગનું તંત્ર જાગીને આ બાબતે તપાસ કરી બગસરા વડિયા સુરત બસનો રાત્રીના સમયે હોટેલ નો સ્ટોપનો સમય ૯ વાગ્યાં આસપાસનો ફેરફાર કરી હોટેલ પણ બદલવામાં આવતા વડિયાના જાગૃત નાગરિક અને પીઢ પત્રકાર ના અવાજે અંતે એસટી વિભાગને કાર્યવાહી કરવા મજબુર કર્યા હોય તેવુ જોવા મળી રહ્યું છે. હાલ આ બસના સ્ટોપ નો સમય અને હોટેલ બંને બદલાતા હવે આ બસમાં મુસાફરી કરતા લોકો સાંજે નવ વાગ્યાં આસપાસ હોટેલમાં નાસ્તો કે ભોજન લઈ શકશે સાથે પ્રિન્ટ કરતા ઉંચી કિંમતની ખરીદવા મજબુર બનતા હતા તેમાંથી છુટકારો મળશે તેથી મુસાફરોમાં પણ આનંદની લાગણી જોવા મળી હતી. સાથે સોશ્યલ મીડિયામાં પણ આ બાબતની સરાહના થતી જોવા મળી હતી. જો કે આ ઘટના પછી જીએસઆરટીસી વિભાગે જાગીને સમગ્ર રાજયમાં એસ.ટી.બસના સ્ટોપ





જયાં છે તે હોટેલોમાં સરપ્રાઈઝ ચેકીંગ હાથ ધરી આ બાબતે ચકાસણી કરવી જરૂરી બને છે જો કોઈ આવી ઘટના સામે આવે તો કડક કાર્યવાહી કરવી જોઈએ તેવી લોક માંગણી પણ જોવા મળી રહી છે.

## બાબરા તાલુકા પંચાયના પ્રમુખ સાસંદ સુતરીયાની મુલાકાતે

બાબરા, તા.૨૮

બાબરા તાલુકા પંચાયતના યુવા અને શિક્ષિત નવ નિયુક્ત પ્રમુખ તુષાર રામાણીએ લોકસભાના સાંસદ ભરતભાઈ સુતરિયાની શુભેચ્છા મુલાકાત કરી હતી. આ પ્રસંગે સાંસદ ભરતભાઈ સુતરિયાએ તુષાર રામાણીનું મોં મીઠું કરાવી ઉષ્માભર્યુ સ્વાગત અને સન્માન કર્યુહતું. તાલુકા પંચાયતના નવા યુવા પ્રમુખ અને સાંસદ વચ્ચે યોજાયેલી આ મુલાકાત રાજકીય વર્તુળોમાં મહત્વપૂર્ણ માનવામાં આવી રહી છે.પ્રથમ વખત તાલુકા પંચાયતના સભ્ય તરીકે ચૂંટાઈ આવ્યા બાદ ખૂબ જ નાની વયે પ્રમુખપદ સુધી પહોંચનાર તુષાર રામાણી અંગે સાંસદ ભરતભાઈ સુતરિયાએ ગૌરવની લાગણી વ્યક્ત કરી હતી. યુવા નેતૃત્વને ભાજપ સંગઠનમાં સતત પ્રાધાન્ય મળતું હોવાનો પણ તેમણે ઉલ્લેખ કર્યો હતો.


તસ્વીર : પંકજ ઈન્દ્રોડીયા–બાબરા

મુલાકાત દરમિયાન તાલુકાના સર્વાંગી વિકાસ, ગ્રામ્ય વિસ્તારોમાં પાયાની સુવિધાઓ તેમજ સરકારની જનકલ્યાણકારી યોજનાઓ છેવાડાના લોકો સુધી પહોંચે તે દિશામાં કામગીરી કરવાની નેમ પ્રમુખ તુષાર રામાણીએ વ્યક્ત કરી હતી.સાંસદ ભરતભાઈ સુતરિયાએ પણ લોકોના કામોને પ્રાથમિકતા આપવા, સરકારની યોજનાઓનો લાભ દરેક જરૂરિયાતમંદ સુધી પહોંચે તેની ખાસ કાળજી લેવા તેમજ વિકાસલક્ષી કામગીરીમાં સક્રિયતા રાખવા જરૂરી માર્ગદર્શન અને સલાહ આપી હતી.

# બાઢડા ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે રૂ. ૪૨ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત અને લોકાર્પણ






સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામે ધારાસભ્ય મહેશભાઈ કસવાલાના હસ્તે કુલ રૂ. ૪૨ લાખના વિકાસ કાર્યોનું ખાતમુહૂર્ત તથા લોકાર્પણ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે બાઢડા ગામે વોરાધાર પાસે રૂા. ૩૯ લાખના ખર્ચે બનનાર તળાવના કામનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. ઉપરાંત રસુલભાઈની વાડી પાસે રૂ. ૩ લાખના ખર્ચેનિમાર્ણ પામેલ નવા કોઝવેનુંલોકાર્પણ પણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ જણાવ્યું હતું કે રાજય સરકાર ગામડાના સર્વાંગી વિકાસ માટે પ્રતિબધ્ધ છે અને પાણી સંગ્રહ, માર્ગ સુવિધા તથા ગ્રામ્ય ઈન્ફ્રાસ્ટકચરના વિકાસ માટે સતત આયોજનબધ્ધ કામગીરી હાથ ધરવામાં આવી રહી છે. આ વિકાસ કાર્યક્રમમાં શહેર ભાજપ પ્રમુખ, તાલુકા પંચાયત સદસ્યો, જિલ્લા પંચાયત સદસ્યો તાલુકા ભાજપ સંગઠન શકિત કેન્દ્રના સંયોજકો તથા સહ–સંયોજકો, હોદ્દેદારો, સહકારી આગેવાનો, ગ્રામ પંચાયત સરપંચઓ તેમજ મોટી સંખ્યામાં આગેવાનો અને કાર્યકરમિત્રો ઉપસ્થિત રહ્યા હતા.

મેડિકલેઈમ સુવિધા તથા GSRTC (ST) માન્ય હોસ્પિટલ

આયુષ્માન કાર્ડ અને PGVCL ના કર્મચારીઓ માટે કેશલેસ સારવાર ઉપલબ્ધ

કાર્યરત વિભાગો

યુરોલોજી વિભાગ (કિડની - પથરી - પ્રોસ્ટેટ)
ગાયનેક અને આઈ.વી.એફ વિભાગ (સ્ત્રી રોગ)
મેડીસીન વિભાગ (ફિઝિશિયન)
બાળરોગ વિભાગ (પીડીયાટ્રીક્સ)
આંખ વિભાગ
ઈ.એન.ટી વિભાગ (કાન-નાક-ગળા)
ઓર્થોપેડિક વિભાગ (હાડકા-સ્નાયુ-સાંધા)
જનરલ સર્જરી વિભાગ
ડાયાલિસીસ વિભાગ
લેબોરેટરી વિભાગ
આયુર્વેદ વિભાગ
ફિઝીયોથેરાપી વિભાગ

24/7 Emergency Services
GUVNL
NABH
PM-JAY

NETRA CHIKITSA TRUST
MULTI SPECIALITY HOSPITAL
Managed by Netra Chikitsa Trust - Amreli

નેત્ર ચિકિત્સા ટ્રસ્ટ મલ્ટિસ્પેશિયાલીટી હોસ્પિટલ
ગોળ હોસ્પિટલ કેમ્પસ, ચિતલ રોડ, અમરેલી-૩૬૫૬૦૧ ગુજરાત.ફોન : (૦૨૭૯૨) ૨૨૦૬૨૦/૨૨૩૯૯૯
એપોઈન્ટમેન્ટ માટે 99789 66629

### એસ.પી.ની સુચનાથી એસ.ઓ.જી.ની કામગીરી

# ખાંભાનાં ઘુઘવાણા ગામેથી ડીગ્રી વગર પ્રેકટિસ કરનાર બોગસ તબીબ ઝડપાયો

## વધુ તપાસ સ્થાનિક પોલીસે શરૂ કરી

અમરેલી, તા. ૨૮

એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર બી.જી. ઈશરાણીની રાહબારી હેઠળ એસ.ઓ.જી. ટીમ ખાંભા તાલુકા વિસ્તાર પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે ખાંભા તાલુકાના ધુંધવાણા ગામે મહમદભાઈ નીસારભાઈ સિદ્દીકી નામનો ઈસમ ગેરકાયસર રીતે ખાનગી દવાખાનુ ચલાવી કોઈ સરકાર માન્ય ડિગ્રી કે સર્ટી. વગર મેડીકલને લગતા સાધનો રાખી લોકોને એલોપેથીક દવા તથા



સારવાર આપી લોકોની જીંદગી સાથે ચેડા કરતા હોય. જે અન્વયે સદરહુ જગ્યાએ મેડીકલ ઓફીસર સાથે દરોડો કરતા ઉના ગામે તુલસીશ્યામ સોસાયટી ઉપર આવેલ ૮૦ ફૂટ રોડ પર રહેતા મહમદભાઈ નીસારભાઈ સિદ્દીકી નામના ઈસમને એલોપેથીક દવાઓ તથા મેડીકલને લગત સાધન સામગ્રી મળી કુલ રૂપિયા ૯,૭૮૮ના મુદ્દામાલ સાથે સાથે ઝડપી પાડી ખાંભા પોલીસ સ્ટેશન ખાતે સોંપી આપવામાં આવેલ છે. જયાં આગળની ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.

### ''ડિજિટલ ઈન્ડિયા''નાં માહોલમાં રોજબરોજનાં કાર્યોનો ઝડપથી નિકાલ થતો નથી

# અમરેલી પાલિકામાં જન્મ–મરણ નોંધણી માટેનુ પોર્ટલ છાશવારે બંધ થઈ જતાં અરજદારોને ધરમના ધક્કા

## દુરદુરથી આવતા અરજદારોનાં હિતમાં દાખલાઓ ઝડપથી મળે તેવી માંગ ઉભી થઈ

અમરેલી, તા. ૨૮

જન્મ મરણ નોંધણી ફરજિયાત છે ત્યારે સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ નવું સી આર એસ પોર્ટલ છાસવારે બંધ થઈ જવાના કારણે સો સો કિલોમીટર દૂરથી આવતા અરજદારોને પોતાની રોજી રોટી છોડી ટિકિટ ભાડા ખર્ચી ધરમના ધક્કા ખાવાનો વખત આવેલ છે જુના દાખલાઓ આ નવા પોર્ટલમાં અપડેટ કરવાના હોવાથી સરકારે ફરી એકવાર આમ જનતાને કાળજાળ ગરમીમાં કતારમાં ઉભા રહેવા મજબૂર કરી દીધેલ છે.

અમરેલી નગર પાલિકામાં છેલ્લા ત્રણ દિવસથી સી.આર.એસ. પોર્ટલ બંધ હોવાથી અરજદારોને ધરમના ધક્કા પ્રાપ્ત વિગત મુજબ ફરજીયાત જન્મ મરણ નોંધ અંગે સરકાર દ્વારા પહેલા ઈ ઓળખ પોર્ટલ મારફત ઓનલાઈન જન્મ મરણના દાખલાઓ કાઢવાની સિસ્ટમ અમલમાં



હતી પરંતુ બે વર્ષથી ઈ ઓળખ પોર્ટલ બંધ કરી દેવામાં આવેલ છે અને નવું સી.આર.એસ. પોર્ટલ કાર્યરત કરવામાં આવેલ છે આ નવું પોર્ટલ અપડેટના નામે અનેક મહિના સુધી બંધ રહેવાના કારણે અરજદારોને ધરમના ધક્કા ખાવાનો વખત આવેલ હતો કારણકે સરકારના નીતિ નિયમો અનુસાર જે સ્થળે જન્મ કે મરણ થાય તેજ ગામમાં તેમની નોંધણી થઈ શકે છે ગરીબ પરિવાર આર્થિક મુશ્કેલીના કારણે દૂર દૂરથી અમરેલી સિવિલ હોસ્પિટલમાં બાળકની ડિલિવરી અંગે આવતા હોય છે આવા પરિવારોને જન્મનો દાખલો લેવા અમરેલી નગર

અનુસંધાન પાના ૬ ઉપર

### સુરત ખાતે રહેતા યુવક સાથે રાજકોટ ખાતે રહેતા ૪ આરોપીઓ દ્વારા

# અમરેલીના એરપોર્ટ નજીક આવેલ જમીનનું યુવકને સાટાખત કરીને રૂપિયા ૨૨.૬૧ લાખની છેતરપીંડી

## એક જ પરિવારનાં ૨ મહિલા સહિત ૪ વ્યકિતઓ વિરૂધ્ધ ફરિયાદ નોંધાઈ

અમરેલી, તા. ૨૮

સુરત ગામે રહેતા અને જમીન લે વેચનો વ્યવસાય કરતા એક યુવકને હાલ રાજકોટ રહેતા અને મુળ જેતપુર તાલુકાના અમરનગર ગામના વતની એવા ચાર આરોપીઓએ પુર્વ આયોજીત કાવતરૂ રચી અમરેલીમાં આવેલ અમરેલી એરપોર્ટની પાસે રામાણીની વાડી વિસ્તારના બ્લોક/સર્વે નં.૧૨૫/૨ વાળી ૬૩૦૩ ચો.મી. જમીન ટાઈટલ કલીયર અને કોઈના પણ કોઈપણ પ્રકારના હક્ક કે અધિકાર વિનાની હોવાનુ જણાવી અને એક વીઘાના રૂપિયા ૩૨,૯૦,૦૦૦ મુજબ વેચાણ આપવા સોદો નક્કી કરી યુવક પાસેથી કુલ રૂપિયા ૨૦,૦૦,૦૦૦ વેચાણ અવેજ પેટે આરોપીઓએ મેળવી લઈ જમીન ખરીદનાર યુવકને નોટરાઈઝ સાટાખત પણ કરી આપી અને આરોપીઓ દ્વારા ઠગાઈ કરવાના ઈરાદાથી આરોપીઓએ યુવકને દસ્તાવેજ નહી કરી આપી કે યુવકના અવેજ રૂપિયા તથા બીનખેતિ કરવા માટે થયેલ ખર્ચના રૂપિયા નહી આપી યુવક સાથે કુલ રૂપિયા ૨૨,૬૧,૭૩૮ની છેતરપીંડી કરી ઠગાઈ કરી યુવકને ગાળો આપી ટાંટીયા ભાંગી નાખવાની તથા જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની અમરેલી સીટી પોલીસમાં ફરિયાદ નોંધાયા છે.

સુરત ગામે રહેતા અને જમીન લે વેચનો વ્યવસાય કરતા પલકીત કાંતિભાઈ સુદાણી (પટેલ) નામના ૨૮ વર્ષીય યુવક સાથે હાલ રાજકોટ રહેતા અને મુળ જેતપુર તાલુકાના અમરનગર ગામના વતનીભરતભાઈ બાવાભાઈ

અનુસંધાન પાના ૬ ઉપર

### સ્થાનિક વિસ્તારમાં અફડાતફડી મચી

# અમરેલીના સુખનાથપરામાં ફોટો ફ્રેમ પ્રિન્ટિંગ યુનિટમાં લાગી આગ

## ફાયર ટીમની ત્વરિત કામગીરીથી મોટી દુર્ઘટના ટળી

અમરેલી તા. ૨૮

અમરેલી શહેરના સુખનાથપરા વિસ્તારમાં આવેલી એક ફોટો ફ્રેમ પ્રિન્ટિંગ મશીન યુનિટમાં આજે સાંજે આગ લાગવાની ઘટના બનતા વિસ્તારમાં થોડા સમય માટે અફરા તફરીનો માહોલ સર્જાયો હતો. ઘટનાની જાણ થતાં અમરેલી ફાયર વિભાગની ટીમ તાત્કાલિક ઘટના સ્થળે દોડી જઈ આગ પર કાબુ મેળવી લેતા મોટી જાનહાનિ ટળી હતી.

અનુસંધાન પાના ૬ ઉપર



### ખેડૂત યુવક મંજુરી મેળવીને માટી ભરતાં હતા તે સમયે

# અમરેલીનાં મોટા આંકડિયા ગામે માટી ભરવા બાબતે ટોળાએ કર્યો હુમલો

## યુવકનાં ખિસ્સામાંથી ૪ હજારની લૂંટ કર્યાની ફરિયાદ

અમરેલી, તા. ૨૮

અમરેલી તાલુકાના મોટા આંકડિયા ગામે રહેતા ભરતભાઈ જયસુખભાઈ બાવીશી નામના ખેડૂત યુવક મોટા આંકડીયા ગામના તળાવમાંથી કાયદેસરની મંજુરી મેળવી માટી ભરતા હતા. જે નરેશભાઈ વાળા, કનુભાઈ પરમાર, વીકીભાઈ ચાવડા, વકીલ નવચેતનભાઈ પરમાર, સુનિલભાઈ મનજીભાઈ ચૌહાણ, રામભાઈ ગોબરભાઈ ચૌહાણ, નાનુભાઈ ઘેલાભાઈ ચૌહાણ, મુળજીભાઈ મંગાભાઈ, મનુભાઈ હાદાભાઈ, અતુલભાઈ રમેશભાઈ સહિત અજાણ્યા આશરે ત્રીસ માણસોનાં ટોળાને સારૂ નહી લાગતા સામાવાળાએ એકસંપ કરી ખેડૂત યુવકના વાહનની ચાવી લઈ આ વાહનો બે દિવસ પોતાની પાસે રાખી રૂપિયા પચાસ હજારની માંગણી કરેલ હતી અને આ યુવક સહિતનાઓને ગાળો આપી હાથમાં પહેરવાનુ મુઠ તથા ધોકા જેવા હથિયારો સાથે ટોળુ ભેગુ કરી તે ટોળાને આરોપીઓએ ઉશ્કેરી યુવકને શરીરે માર મારી ફેકચર જેવી ઈજા કરી યુવકના શર્ટના ખિસ્સામાંથી રૂા. ૪૦૦૦ની લુંટ કરી અન્ય લોકોને છુટા પથ્થરોના ઘા કરી માથાના ભાગે ઈજા કરી જાનથી મારી નાખવાની ધમકી આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાવી છે.

**અમરેલી એક્સપ્રેસ સમાચારો મોકલવા બાબત**

''અમરેલી એક્સપ્રેસ'' પત્રકાર મિત્રો, એજન્ટોને નમ્ર વિનંતી કે, આપનાં વિસ્તારનાં તમામ સમાચારો ઈ-મેઈલ amreliexpress7@gmail.com એડ્રેસ પર જ મોકલવા, અનિવાર્ય સંજોગોમાં જ ''વોટસએપ'' પર સમાચાર મોકલવા વિનંતી

તંત્રી

Sheetal ICE CREAM
WE ARE HIRING
JOIN INDIA'S MOST TRUSTED FMCG BRAND
• Namkeen Sales HOD - 1 (1 to 3 Year experience in FMCG)
• Liaisonig Officer - 1
• Sales & Marketing Officer - 3 (Ice Cream / Milk / Snacks)
• Reporting Manager - 1
• Sales Co - Ordinator - 1
• Trainer - 1
Location :
Amreli, Gujarat.
hrscpl1987@gmail.com
+91 95109 59957
APPLY NOW

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
અસલ કાઠીયાવાડી આહ્લાદક સ્વાદમાં...
ફુલ ગુજરાતી થાળી
પાર્સલ સુવિધા ઉપલબ્ધ
સ્પે. ચુરમાનાં લાડુ તેમજ ઉંધીયુ
અમારા ડાઈનીંગ હોલમાં સ્વચ્છતા તથા ચોખ્ખાઈની પુરી તકેદારી રાખવામાં આવે છે.
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. (૦૨૭૯૨) ૨૩૩૪૪૫ જયદીપ પટેલ : મો. ૯૮૭૯૯ ૯૪૦૦૧
: હેડ ઓફિસ : ક્રિષ્ના કેટરર્સ કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી. રમેશભાઈ પટેલ : મો. ૯૮૨૫૫ ૪૬૯૦૨

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
1,43,400/-
(૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૮/૦૫/૨૦૨૬ ના રોજ
હોલમાર્ક દાગીનાનો ભાવ જાણવા માટે વોટ્સઅપ ડીપી જોવો
63549 73131
બાલમુકુંદ જવેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

જાહેર આભાર
બાબરા તાલુકા પંચાયતની કોટડાપીઠા બેઠક પરથી પ્રચંડ બહુમતી સાથે વિજયી બનાવી લોકશાહીના આ મહાપર્વમાં મારા પર વિશ્વાસ વ્યકત કરનાર મારા મત વિસ્તારના તમામ મતદાર ભાઈઓ-બહેનો, વડીલો, યુવાનો તેમજ ભારતીય જનતા પાર્ટીનાં સમર્પિત કાર્યકર્તાઓનો હું દિલથી આભાર વ્યકત કરૂ છું.આપ સૌના પ્રેમ, આશિર્વાદ તથા અવિરત સાથ-સહકારથી જ આ ઐતિહાસિક જીત શકય બની છે. જયારે બાબરા તાલુકા પંચાયતના પ્રમુખ તરીકે મારી નિમણુંક કરાતા યુવા કાર્યકર પર વિશ્વાસ મુકવા બદલ તાલુકા ભાજપ તેમજ જિલ્લા ભાજપ સંગઠન, માન.ધારાસભ્યશ્રી જનકભાઈ તળાવીયા,માન. સાસંદ શ્રી ભરતભાઈ સુતરીયા તથા પક્ષના તમામ આગેવાનોનો હું વિશેષ આભાર વ્યકત કરૂ છું.
ભારતીય જનતા પાર્ટીએ સામાન્ય કાર્યકરને સન્માન સાથે જવાબદારી આપવાની જે પરંપરા જાળવી રાખી છે તે ખરેખર પ્રેરણાદાયી છે. મને સૌંપવામાં આવેલી તાલુકા પંચાયત પ્રમુખપદની જવાબદારીને હું સંપૂર્ણ નિષ્ઠા, પારદર્શિતા તેમજ પ્રમાણિકતા સાથે નિભાવી, બાબરા તાલુકાના સર્વાંગી વિકાસ માટે સતત કાર્યરત રહીશ. ગામડાઓના વિકાસ, યુવાનોના સશક્તિકરણ ખેડૂતોના પ્રશ્નો અને જનસેવાને પ્રાથમિકતા આપી ''સૌનો સાથ, સૌનો વિકાસ''ના સંકલ્પ સાથે આગળ વધવાનો દ્રઢ નિશ્ચય કરૂ છું
આપ સૌનો વિશ્વાસ જ મારી સૌથી મોટી તાકાત છે. ભવિષ્યમાં પણ આપનો પ્રેમ, માર્ગદર્શન સાથે આશિર્વાદ મળતા રહેશે તેવી અપેક્ષા સાથે ફરી એકવાર સહુનો હ્રદયપૂર્વક આભાર વ્યકત કરૂ છું.
આપનો આભારી
તુષારભાઈ રામાણી
પ્રમુખ : તાલુકા પંચાયત - બાબરા
મુ. કોટડાપીઠા, તા.બાબરા, જિ.અમરેલી

*પીઆરબી એકટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELI..(Gujarat)